પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૧૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૨ માગશર સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૨૮૯

સુવિચાર

''આપણે અયોધ્યામાં રહીએ છીએ કે લંકામાં એ અગત્યનું નથી. અગત્યનું એ છે કે આપણે મંથરાની ભૂમિકા ભજવીએ છીએ કે વિભીષણની.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

દેશની એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે

સાવરકુંડલા ખાતે ઐતિહાસિક યુનિટી માર્ચ યોજાઇ

૭૫ વર્ષ બાદ શહેરમાં એકપણ સ્થળે સરદારની પ્રતિમા ન હોવાનો ધારાસભ્યએ વસવસો વ્યકત કર્યો

આગામી દિવસોમાં કે.કે. હાઈસ્કૂલ અને મહિલા કોલેજ નજીક સરદાર પટેલની પ્રતિમાનું કરાશે નિર્માણ

સાથોસાથ ચોકનું નામકરણ સરદાર પટેલનાં નામથી પણ કરવામાં આવશે

સમગ્ર પંથકમાં યુનિટી માર્ચ દરમિયાન જય સરદારનો નાદ ગુંજી ઉઠયો

સાવરકુંડલા, તા. ૨૨

ભારત વર્ષના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન વર્ષની ઉજવણીના ભાગરૂપે, આજરોજ સાવરકુંડલા ખાતે 'સરદાર(ઍટ ધ રેટ)૧૫૦ યુનિટી માર્ચ' (એકતા યાત્રા)નું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ પદયાત્રામાં હજારોની સંખ્યામાં નગરજનો, પદાધિકારીઓ અને સંતો–મહંતો જોડાયા હતા, જેનાથી સમગ્ર શહેરમાં રાષ્ટ્રભકિતનો માહોલ છવાઈ ગયો હતો.

મહાનુભાવો અને સંતોની વિશેષ ઉપસ્થિતિ : આ યુનિટી માર્ચમાં અમરેલીના લોકપ્રિય સાંસદ ભરતભાઈ સુતરિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, વિવિધ ધર્મના સાધુ–સંતોએ પણ પદયાત્રામાં જોડાઈને આશીર્વાદ

અનુસંધાન પાના ૬ ઉપર

અંદાજિત ૭.૬૫ લાખ જેવી રકમ સગેવગે કરી

ધારીના મીઠાપુર (ડુંગરી) ગામના વ્યકિતએ ફોડની રકમના નાણા ઉપાડી લીધા

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૨

ધારી તાલુકાનાં મીઠાપુર(ડુંગરી) ગામે રહેતાં આરોપી સુરેશભાઈ કાનજીભાઈ રાઠોડ નામના ઈસમ પોતાના આર્થિક ફાયદા સારૂ તેના મ્યુલફંડ ખાતા નં. ૩૩૪૭૮૦૪૫૩૦૮ મા જમા થયેલ નાણા ફોડ ચોરી રકમના હોય તેમ જાણતાં હોવાં છતા તેમના ઉપરોકત મ્યુલ ફંડ ખાતામાં જમા કરાવડાવી તેના ખાતામાં ફોડથી મળેલ રકમના નાણા મેળવી લઈ તથા જે નાણા સાયબર અરજીના ફોડ રકમના નાણા રૂા. ૪,૧૪,૫૦૦ તથા અન્ય ફોડ રકમના નાણા રૂા.૩,૫૪,૫૦૧ મળી કુલ રૂા.૭,૬૫,૦૦૦ હોય જે ચેક તથા એટીએમ મારફતે ઉપાડી લઈ આરોપીએ ફોડથી મળેલ તથા ચોરીની રકમના નાણા સગેવગે કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

સમગ્ર દેશમાં આત્મહત્યા કે હાર્ટ એટેકથી કર્મચારીઓ મોતને ભેટતા ચિંતા

આ તે કેવી કામગીરી : SIR નું કાર્ય કરતા BLO કક્ષાના કર્મચારીઓ આત્મહત્યા કરવા મજુબર બને છે

કર્મચારીઓ કામનાં ભારણથી ભારે તોબા પોકારી ગયા છે તે હકીકત છે

અમરેલી, તા. ૨૨

તાજેતરમાં સંપન્ન થયેલ બિહાર એસઆઈઆરની જેમ ગુજરાત સહિત દેશના ૧૨ રાજયોમાં એસઆઈઆરની કામગીરી નિર્ધારીત સમયમાં પુર્ણ કરવાના અભિયાન સાથે શરૂ થઈ છે. અને આ કામગીરીમાં શિક્ષકોને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાં એસઆઈઆરની કામગીરી કરતાં શિક્ષકો કામના ભારણ અને નિર્ધારિત સમયથી ચિંતીત કે બેબાકળા થઈ છે. આત્મહત્યા કરવા મજબુર બની રહયાં છે. તો અમુક કર્મચારીઓ હાર્ટ એટેકનો પણ શિકાર બની રહયા છે.અને આ મામલે વિપક્ષો, શિક્ષક સંઘ સહિત સૌ કોઈએ ભારે વિરોધ નોંધાવ્યો છે.

દેશમાં વર્ષ ૨૦૧૧ પછી વર્ષ ૨૦૨૫માં કરવાની થતી વસ્તી ગણતરી હજુ સુધી શરૂ થઈ નથી તો એસઆઈઆરની કામગીરી માત્ર ૨ કે ૩ મહિનામાં જ પૂર્ણ કરવાની ઉતાવળ કયાં કારણોસર ? છે તે સૌ સમજી શકતું નથી.

દેશનું ચુંટણીપંચ મતદાર યાદી સુધારણા કરે તેમાં કોઈને વાંધો ન હોય શકે પરંતુ, મહત્વની કામગીરી ધીમી પણ મકકમ ગતિએ થાય છે. સરકારી કર્મચારીઓ પણ ભારણ ન વધે અને શાંતી અને ચોકસાઈથી કામગીરી પુર્ણ થઈ શકે પરંતુ, આ અંગે કોઈ વિચાર કરવામાં આવતો નથી.

NEHA CONSULTANCY
AT AMRELI
WE ARE HIRING
Accountant &
Site Supervisor
CONTACT OR SEND YOUR RESUME ON WHAT'S APP
88 66 34 0774

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Krishna
DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે - ૨ (લેડીઝ) રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) દિવસ માટે - ૪ (લેડીઝ) રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) દિવસ માટે - ૨ રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

પરંપરાગત ખેતી છોડીને નવો પ્રયોગ શરૂ

ખેડૂતોને વટાણાનાં રોકડિયા પાકથી વધતી આવકની નવી આશા

શિયાળાના દિવસોમાં વટાણા વધુ લોકપ્રિય



અમરેલી, તા. ૨૨

સૌરાષ્ટ્રમાં બદલાતા હવામાન, કમોસમી વરસાદ અને પરંપરાગત પાકોમાં થતા સતત નુકસાન વચ્ચે હવે ખેડૂતો ખેતીમાં પરિવર્તન તરફ આગળ વધી રહ્યા છે. ખેડૂતો હવે રોકડિયા પાક તરફ વળતા જોવા મળી રહ્યા છે, જેમાં ખાસ કરીને શિયાળુ વટાણો સૌથી વધુ લોકપ્રિય બની રહ્યો છે. ટૂંકા ગાળામાં સારું ઉત્પાદન, ઓછું જોખમ અને માર્કેટમાં સારો ભાવ આ બધી બાબતો વટાણા ખેડૂત માટે વધુ લાભકારી બની રહ્યા છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાત રમેશભાઈ રાઠોડ જણાવે છે કે પરંપરાગત પાકની તુલનામાં રોકડિયા પાક ખેડૂતોને વધુ સારો નફો આપે છે. શિયાળામાં ખાસ કરીને ઠંડીમાં વધુ ઉત્પાદન આપતો પાક એટલે વટાણા. ખેડૂતોએ પશ્ચિમ સૌરાષ્ટ્રના માટી – હવામાન મંદિરમાં વટાણાનો પાક ખૂબ જ સફળ સાબિત થઈ રહ્યો છે.

રમેશભાઈએ વધુમાં જણાવ્યું કે વટાણાનું વાવેતર ૧૫ ઓકટોબરથી ૧૫ ડિસેમ્બર વચ્ચે કરવું સૌથી ઉત્તમ માનવામાં આવે છે. ચણાના વાવેતર સાથે આ પાકની વાવણી સરળતાથી કરી શકાય છે. વાવણીનું અંતર ૪૫ સે.મી. ૨ ૧૦ સે.મી. રાખવાથી છોડને યોગ્ય જગ્યા મળે છે અને ખેડૂતને વધુ ઉત્પાદન પ્રાપ્ત થાય છે. એક વીઘા જમીન માટે ૮ થી ૧૦ કિલોગ્રામ બિયારણની જરૂર રહે છે.

ભલામણ કરેલી જાતોમાં એસડીએમ પ્લસ, વિટા વેકસ થ્રી અને કેજી જેવી જાતો વધુ ઉત્પાદન અને રોગપ્રતિકારક ક્ષમતા ધરાવે છે, જે ખેડૂતો માટે લાભદાયક છે. જમીનમાં પોષક તત્વો માટે ૧૫ કિલો ડીએપી, ૨ કિલો સલ્ફર અને ૨ કિલો ઝીંકનો ઉપયોગ પાક માટે અત્યંત જરૂરી ગણાય છે.

વટાણાનો પાક ટૂંકાગાળાનો માત્ર ૧૨૦ દિવસનો હોવાને કારણે ખેડૂત એક જ સિઝનમાં સારો નફો મેળવી શકે છે. એક વીઘામાં સરેરાશ ૧૫ થી ૨૫ મણ ઉત્પાદન મળતું હોવાથી વટાણો ખેડૂતો માટે સ્થિર આવકનો સારો વિકલ્પ બની રહ્યો છે.

પાકમાં રોગ–જીવાત નિયંત્રણ માટે ફૂગનાશક સાફ ૪૦ ગ્રામ અને રોગાર ૩૦ મી.લી.નો એક પંપ દીઠ છંટકાવ કરવાથી ઈયળસ સહિતની જીવાતો પર અસરકારક નિયંત્રણ મેળવી શકાય છે. જરૂર જણાય તો નજીકના એગ્રો સેન્ટર અથવા વિષય નિષ્ણાંતની સલાહ મુજબ દવાઓનો ઉપયોગ કરવો ખેડૂતને વધુ સુરક્ષિત પરિણામ આપે છે.

બજારની વાત કરીએ તો અમરેલી અને રાજકોટ જિલ્લાના માર્કેટિંગ યાર્ડમાં વટાણાનો હોલસેલ ભાવ હાલમાં ૧૦૦ થી ૧૯૦ પ્રતિ કિલો સુધી મળી રહ્યો છે, જે ખેડૂતોને વધારાની આવકનું આશ્વાસન આપે છે.

ખેડૂતો માટે આ પાક ભવિષ્યમાં લોકપ્રિય બનશે તેવી આશા છે, કારણ કે ઓછા ઈનપુટમાં વધુ ઉત્પાદન અને સારો નફો વટાણાને સૌરાષ્ટ્રના ખેડૂત માટે 'રોકડિયા પાકનો રાજા' બનાવી રહ્યો છે.

તાજેતરમાં ૯૩ વર્ષની જૈફવયે અવસાન થતાં

અમરેલીનાં ભામાશા સન્નારી સ્વ. ઈન્દુબેન સંઘવીને સેવાભાવી સંસ્થાઓ દ્વારા શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી

શહેરની અનેક સંસ્થાઓનાં મકાનનું નિર્માણ કરાવ્યું હતું

અમરેલી, તા. ૨૨

અમરેલીના ભામાશા સન્નારી સ્વ.ઈન્દુબેન નગીનદાસ સંઘવીનેનું ૯૩ વર્ષની વયે ગત તા. ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ પ્રભાતે દુઃખદ અવસાન થયેલ. ગર્ભમંત હોવા છતાં તેઓએ જીવનમાં અનેક પડકારોનો સામનો કરી પુરૂષાર્થ અને દ્રષ્ટિ પૂર્વકના આયોજનથી શિક્ષણક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી. મુંબઈની પ્રતિષ્ઠિત હાઈસ્કૂલમાં અંગ્રેજીના શિક્ષક અને પછી આચાર્ય તરીકે શ્રેષ્ઠ કામ કરી નિવૃત્ત થયા. અમરેલીના શ્રેષ્ઠ તરીકે હંમેશા અમરેલી જ તેમનું પ્રિય નિવાસ્થાન હતું. અમરેલીની મણિનગર સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત નગીનદાસ સંઘવી પ્રાથમિક શાળાના નિર્માણમાં તેમના પરિવારનો ફાળો હતો. ઈન્દુબેન આ સંસ્થાના પ્રારંભથી શુભેચ્છક હતા. સંસ્થા સાથે તેમનો સંબંધ છેક ૧૯૮૫ થી બંધાયેલ છે. તેમણે તથા તેમના પરિવારે વખતો વખત સંસ્થાને સહાય કરી છે. નગીનદાસ દેવશી સંઘવી : રૂપાયતન પ્રાથમિક શાળાનું મકાન સંપૂર્ણ પણે તેમના પરિવારના દાનથી બનેલ છે. દિવંગત લક્ષ્મીદાસભાઈ સંઘવી અને ઈન્દુબેન મણિનગર વિસ્તારમાં આવેલી આ સંસ્થામાં નિયમિત આવતા અને મેદાનમાં વૃક્ષો પણ વાવતા. આસિવાય પણ તેમણે સંસ્થાને ઘણી મદદ કરી છે.

આ ઉપરાંત અમરેલીનાં મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, જયાલક્ષ્મી બાલમંદિર, રાધિકા હોસ્પિટલ, પાંજરાપોળ ગૌશાળા, અંધશાળા અને બહેરા–મુંગા શાળા સહિત અનેક સંસ્થાઓને મદદ કરી છે.

જીવનના છેલ્લા ત્રણ દાયકામાં તેઓએ વંચિત વર્ગ માટે પોતાના જીવનને સમર્પિત કર્યું હતુ. આદિવાસી વિસ્તાર, મોડાસા હોસ્પિટલ અને વાત્રકની હોસ્પિટલમાં તેમણે મોટુ દાન આપેલું. આવાત્રકની હોસ્પિટલમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. હોસ્પિટલનાં પરિવારે તેમને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પિત કરી.

અમરેલીમાં તમામ સંસ્થાઓના સહયોગથી આજે યોજાયેલી તેમની સંયુક્ત પ્રાર્થના સભામાં સ્વામી વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ, રૂપાયતન, પાંજરાપોળ ગૌશાળા, અમરેલી, અંધજન તાલીમ કેન્દ્ર, અમરેલી, મંદબુદ્ધિ છાત્રાલય અને ટ્રેનિંગ સંકુલ, અમરેલી, બહેરા મૂંગા શાળા, અમરેલી દીપક હાઈસ્કૂલ, અમરેલી, એન.ડી. સંઘવી પ્રાથમિક શાળા, અમરેલી વગેરે સંસ્થા દ્વારા ભાવભરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. અંધશાળાના શિક્ષકો, વિધાર્થીઓ દ્વારા મંગલ મંદિર ખોલો દયામય. જેવી પ્રાર્થના દ્વારા સ્વ. ઈન્દુબેનને સંગીતમય શ્રધ્ધાંજલિ આપવામાં આવી. રૂપાયતનના મેનેજિંગ ટ્રસ્ટી કેળ વણીકાર રવજીભાઈ કાચા દ્વારા સ્વ. ઈન્દુબેન સંઘવીનો અમરેલી સાથેના અતિશય લગાવના નાતાની વાત કરવામાં આવી. તથા તેમના દ્વારા અમરેલીની જુદી જુદી સંસ્થાઓને ઉદાર હાથે મળેલી સખાવતની વાત કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાંજરાપોળ ગૌશાળાના ટ્રસ્ટી દિલીપભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું. તેમ આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.

જાગૃત નાગરિકે કરી રજુઆત

વડિયાનાં નાજાપુરનાં બસ સ્ટેન્ડમાં સુવિધા ઉભી કરો

પંખા, લાઈટ, પાણીની વ્યવસ્થા જરૂરી

તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૨

નાજાપુર ગામના બસસ્ટેન્ડ પર મુસાફરોને પંખા, લાઈટ અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધારો ઉપલબ્ધ થાય તે હેતુથી ગામના યુવા કૌશિક પાનસુરિયા દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સતાવાર રજુઆત કરવામાં આવી હતી.

મુસાફરોને સુવિધા વધે અને બસસ્ટેન્ડનું આનુનિકીકરણ થાય તે માટે કરવામાં આવેલી આ માંગણીઓ સ્થાનિક સ્તરે સરાહના મેળવી છે સંબંધિત તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી લોકો આશા વ્યકત કરી રહયા છે.

ધારાસભ્ય મહેશ કસવાલાના અધ્યક્ષ સ્થાને

લીલીયા મોટાનાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક મળી

આરોગ્ય કેન્દ્રમાં સુવિધા વધારવા ચર્ચા કરાઈ

લીલીયા મોટા, તા. ૨૨

લીલિયા તાલુકામાં ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ વધુ વ્યાપક અને અસરકારક રીતે ઉપલબ્ધ થાય તે હેતુસર લીલિયા મોટા સિવિલ હોસ્પિટલ ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાના અધ્યક્ષ સ્થાને રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમા હોસ્પિટલને આધુનિક સુવિધાઓથી વધુ સજજ બનાવવા જરૂરી આયોજન અને અભિગમો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તે સાથે જ ૭ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ નવી સિવિલ હોસ્પિટલના સ્થળનું નિરીક્ષણ પણ કરવામા આવેલ. આ બેઠકમાં મામલતદાર લીલીયા, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ડો. પરમાર, ડો. સિધ્ધપુરા, વિનુભાઈ મકાણી, મેરામભાઈ આહીર, સીએચ.સી અધિક્ષક સહિતના અધિકારી પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ખો–ખો સ્પર્ધામાં સુવર્ણ અને રજત પદક મેળવી

અમરેલી જિલ્લા જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલનાં વિધાર્થીઓની અનેરી સિધ્ધિ

ગજેરા કેમ્પસનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ શુભેચ્છાઓ પાઠવી

અમરેલી, તા. ૨૨

તારીખ ૮ નવેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ–મહાકુંભ તાલુકા કક્ષા ખો–ખો રમતનું આયોજન અમરેલી મુકામે થયેલ. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સના ભાઈઓ અને બહેનોની ટીમેએ પાર્ટિસિપેટ કરેલ હતું, જેમાં બહેનોમાં (૧) પરમાર સુનાક્ષી (૨) પડશાલા ક્રિના (૩) ગોહિલ નિરૂપા કેશુભાઈ (૪) વાળા ઉર્વિશા ગૌતમભાઈ (૫) વાળા ક્રિષ્ના (૬) ગોહિલ ઈશા (૭) ખેર રક્ષા વિજયભાઈ (૮) ચુડાસમા કાવ્યા હરિભાઈ (૯) ડાભી સેજલ સુભાષભાઈ (૧૦) દિહોરા ઉર્વશી વિજયભાઈ (૧૧) સાંબડ શ્રદ્ધા ધોહાભાઈ (૧૨) જેઠવા હિનલ સુવર્ણ પદક અને ભાઈઓની ટીમ (૧) જાજડા દિવ્યરાજ, (૨) સરસૈયા કુંજ, (૩) મકવાણા પારસ, (૪) સરવાળીયા અજય, (૫) રાદડિયા કુંજ, (૬) મોભ ભવદીપ, (૭) ચાવડા જસ્મીન, (૮) યાદવ ભાર્ગવ, (૯) ડાભી હર્ષદ, (૧૦) ભૂકણ અનિરૂદ્ધ, (૧૧) શિયાળ મહેશ, (૧૨) મકવાણા દીક્ષિત રજત પદક મેળવેલ. કોચના માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. ખેલાડીઓએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ સ્કોર સાથે જીત મેળવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખો–ખો ખેલાડીઓ તેમજ કોચને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

અમરેલી ખાતે તા. ૫ મી ડિસેમ્બરે એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે એપ્રેન્ટીસ અધિનિયમ–૧૯૬૧ અંતર્ગત એપ્રેન્ટીસ ભરતી મેળા– ૨૦૨૬–૨૭નું તા.૫મી ડિસેમ્બરના રોજ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં સિવિલમાં ડિપ્લોમા કે ડિગ્રી કરનાર ઈજનેર, બી.એ., બી.બી.એ. કે બી. કોમમાં સ્નાતક થયેલા ઉમેદવારો ઉપરાંત આઈ.ટી.આઈ.માં બે વર્ષનો ફીટર, પ્લમ્બર, ડ્રાફ્ટસમેન્ટ કે ઈલેક્ટ્રિશિયન અભ્યાસ કરનાર ઉમેદવારો ભાગ લઈ શકશે.

એપ્રેન્ટીસ ભરતી મેળો કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં.૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ લાઠી રોડ, એસટી ડિવિઝન પાછળ, સરસ્વતી સ્કૂલ સામે અમરેલીની કચેરી ખાતે તા.૫–૧૨–૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે.

આ ભારતીય મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ NATS/SKILL INDIA / MSDE / MHRD પોર્ટલ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત રહેશે. અંગેની વધુ માહિતી માટે GWSSBની વેબસાઈટ https://watersupply.gujarat.gov.in / recruitment પરથી મળી રહેશે.

વર્ષ ૨૦૨૬–૨૦૨૭ માટે ઉકત કોર્ષ પૂર્ણ થયાના વધુમાં વધુ બે વર્ષ સુધીના ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું આવ્યું છે એટલે કે, વર્ષ ૨૦૨૩/૨૪/૨૫માં પાસ આઉટ થયેલા હોય તેવા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર જા.આ.બાં વિભાગ નં.૧ અમરેલીની કચેરી તેમજ તેના નિયંત્રણ હેઠળની પેટા વિભાગીય કચેરીઓ અમરેલી, ધારી, રાજુલા, બાબરા, લીલીયા, સાવરકુંડલા માટે એપ્રેન્ટીસ તરીકે તાલીમાર્થી માટે આ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ કાર્યપાલક ઈજનેર પી.જી. મકવાણાની યાદીમાં જણાવ્યું છે.

સભાસદ વેલ્ફેર ફંડ અંતર્ગત

લીલીયા મોટા : શ્રી ગ્રામ્યલક્ષ્મી ધિરાણ મંડળીના સભાસદનું અવસાન થતાં વારસદારને ૫૦ હજારનો ચેક અર્પણ

મંડળીના ચેરમેન હિતેષ કારીયા દ્વારા ચેક એનાયત

લીલીયા મોટા, તા. ૨૨

લીલીયા તાલુકાકક્ષાએ ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ મંડળીની અમરેલી શાખાના સભાસદ વિપુલભાઈ જગુભાઈ મકવાણાનું અવસાન થતા મંડળી દ્વારા તેમના વારસદાર જયોતીબેન વિપુલભાઈ મકવાણાને મંડળી દ્વારા ચલાવવામાં આવતી સભાસદ વેલ્ફેર ફંડ (મૃત્યુ સહાય) નો રૂા. ૫૦ હજારનો ચેક આપવામાં આવેલ.

મંડળીના ચેરમેન હિતેષભાઈ જે.કારીયા, વા.ચેરમેન હરેશભાઈ એન.સેંજપાલ અમરેલી શાળા મેમ્બર હિરેનભાઈ બી. સોજીત્રા, ઉપેન્દ્રભાઈ એમ. નાગ્રેચા, બ્રાન્ચ મેનેજર દિપકભાઈ બી. દવે તેમજ વેપારી અગ્રણીઓની ઉપસ્થિતીમાં મંડળીના સભાસદનાં વારસદારને રૂા.૫૦ હજારનો ચેકની સહાય ચુકવવામાં આવેલ.

અમરેલીનાં જનસંપર્ક કાર્યાલય ખાતે નાગરિકોની રજુઆત સાંભળી તાત્કાલિક નિવારણના આદેશ કરતાં કૌશિક વેકરીયા

અમરેલી જનસંપર્ક કાર્યાલય ખાતે નાગરિકો સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાની વિવિધ સમસ્યાઓ અને રજુઆતો સાથે હાજરી આપી હતી. જનસંપર્ક કાર્યક્રમ દરમિયાન નાગરિકોની અરજીઓ વ્યકિતગત રીતે સાંભળી તેમની સમસ્યાઓને ઝડપી ઉકેલ મળી રહે તે માટે સંબંધિત વિભાગના અધિકારીઓને તરત જ જરૂરી સુચનો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં રાજયના મંત્રી કૌશિક વેકરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોની માંગણીઓ અંગે વિગતવાર માહિતી મેળવી તેમણે અધિકારીઓને પ્રાથમિકતા આધારે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. આ પ્રકારના જનસંપર્ક કાર્યક્રમોથી નાગરિકોની સમસ્યાઓ સીધી સરકાર સુધી પહોંચે છે અને વાસ્તવિક સમયમાં ઉકેલની પ્રકિયા શરૂ થાય છે. અમરેલી જિલ્લાના નાગરિકો માટે આજનો દિવસ સમસ્યા નિરાકરણ દિશામાં મહત્વપૂર્ણ સાબિત થયો છે.

માર્ગ બનાવનાર એજન્સી કે ભ્રષ્ટ અધિકારીઓ કે અમુક જનપ્રતિનિધિઓ

અમરેલી જિલ્લામાં નબળા બનતા માર્ગો માટે જવાબદાર કોણ ?

દર વર્ષે કરોડો રૂપિયાનાં ખર્ચે બનતા માર્ગો કે સરકારી મકાનો નબળા બની રહ્યા છે તે હકીકત છે

માર્ગ–મકાન વિભાગનાં નાનામાં નાના કર્મચારીથી લઈને ઉચ્ચ અધિકારીઓ પણ શંકાના દાયરામાં

અનેક સામાન્ય કોન્ટ્રાકટરો પણ માર્ગો–મકાનો બનાવીને એક દશકામાં બની જાય છે કરોડપતિ

અમુક જનપ્રતિનિધિઓની પણ ભાગીદારી કે કમિશનબાજી પણ જવાબદાર હોવાનું સૌ માની રહ્યું છે

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં દર વર્ષે કરોડો રૂપિયાનાં ખર્ચે જાહેર માર્ગો કે સરકારી મકાનો સહિતનાં જાહેર બાંધકામો બની રહ્યા છે. જેમાં મોટાભાગનાં બાંધકામો નબળા અને ગુણવત્તા વગરનાં બનતા હતા અને બની રહ્યા છે. એટલા માટે જ માર્ગ કે મકાન બને એટલે થોડા જ મહિનાઓમાં બિસ્માર બની જતાં હોવાની ફરિયાદ ઉભી થતી હોય છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં બનતાં ચિતલ રોડ, વરસડા રોડ કે શહેરી વિસ્તારમાં બનતા કે બનેલ માર્ગોની નિષ્પક્ષ તપાસ થાય તો ઘણી ગેરરીતિ પ્રકાશમાં આવે તેમ છે. શહેરીજનો છેલ્લા ઘણા મહિનાઓથી બનતા માર્ગોથી પરેશાન થઈ રહ્યા છે. કઈ એજન્સી કેટલા રૂપિયાનાં ખર્ચે માર્ગ બનાવે છે કે મકાન બનાવે છે તે અંગે જાહેર જનતા જાણી શકે તે માટે મસમોટું બોર્ડ લગાવાતુ નથી.

અમરેલીનાં રાજમહેલનું રીનોવેશન થઈ રહ્યું છે તે આવકારદાયક છે પરંતુ, કામના સ્થળે જનતા નિહાળી શકે તે માટે કોઈ જાણકારી દર્શાવાતુ હોર્ડિંગ લગાવાયું નથી. તેવી જ રીતે ચિતલ રોડ ઉપર અનેક રજૂઆત બાદ જનતા નિહાળી ન શકે તે રીતે માર્ગ–મકાન વિભાગે બોર્ડ લગાવ્યું છે. તો વરસડા રોડ કે લીલીયા રોડ ઉપર જનતાની જાણકારી માટે કોઈ હોર્ડિંગ કે બોર્ડ લગાવાયું નથી.

અમરેલીમાં માર્ગ–મકાન (રાજ્ય) અને (પંચાયત) કચેરી વર્ષોથી ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે. કચેરીનાં અમુક બેઈમાન કર્મચારીઓ અને અધિકારીઓ બાંધકામ કરતી એજન્સીનાં નબળા કામનાં બદલામાં કે બિલ પાસ કરાવવામાં કમિશનબાજી કરી રહ્યા છે તો અમુક જનપ્રતિનિધિઓ પણ શંકાનાં દાયરામાં છે.

તાજેતરમાં અમરેલીનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ નબળા માર્ગનાં કામ અંગે અધિકારીઓને સુચના આપી હોય ત્યારે અમરેલીમાં બનતા કે છેલ્લા પાંચ વર્ષમાં બનેલ માર્ગો, બનાવનાર એજન્સી કે અધિકારીઓની આવકની તટસ્થ તપાસ થાય તો ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજંયતી નિમિત્તે

અમરેલીમાં આજે સરદાર સર્કલથી શેડુભાર ગામ સુધી યુનિટી માર્ચ યોજાશે

યુનિટી માર્ચમાં જોડાવવા નાગરિકોને અનુરોધ

અમરેલી, તા. ૨૨

દેશના મહાન સપૂત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના પાવન અવસરે રાષ્ટ્રીય એકતાના અનેરા સંદેશ સાથે આવતીકાલ તા. ૨૩ નવેમ્બર,૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૮ કલાકે જિલ્લા વહીવટ તંત્ર દ્વારા ભવ્ય યુનિટી માર્ચનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. યુનિટી માર્ચ–પદયાત્રા અમરેલી સ્થિત સરદાર સર્કલથી ગીરીયા–અમરેલી બાયપાસ–નાના માચીયાળા–મોટા માચીયાળા–શેડુભાર સુધી યોજાશે. આ પદયાત્રામાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવો જોડાશે.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું કે, અખંડ ભારતના ઘડવૈયા અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે સરદાર દ્વારા સમગ્ર ભારતમાં દરેક વિધાનસભા દીઠ એકતા પદયાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. લોહપુરૂષના વારસાનો ઉત્સવ ઉજવવા, સરદારના જીવનમૂલ્યો, વ્યક્તિત્વ અને કાર્યોને જાણવા અને સમજવા માટે આ પદયાત્રા યોજાઈ રહી છે.

અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ નાગરિકો સરદાર@૧૫૦ યુનિટીમાર્ચ – પદ યાત્રામાં સહર્ષ જોડાઈ તે માટે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં તા. ૨૬મી નવેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઇચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર Honda motorcycle ltd Vithalapur AHEMEDABAD એકમ માટે FTE TRAINEE જગ્યાઓ માટે ૧૮ થી ૨૫ વર્ષની વયમર્યાદા તેમજ સ્ત્રીઓ માટે ધો.૧૦ પાસ તેમજ પુરૂષો માટે આઈ.ટી.આઈ. તમામ ટ્રેડની તકનીકી શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આયોજિત ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઇચ્છુકોએ એદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ કેમ્પસ), અમરેલી ખાતે તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઇચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in./account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

વડીયાની સરકારી કોલેજમાં ત્રણ અધ્યાપકોની નિમંણુક થતા વિદ્યાર્થીઓ ખુશ

વડીયા, તા.૨૨

સ્થાનિક આગેવાનોની રજૂઆત ફળી જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તુષારભાઈ ગણાત્રાએ ગાંધીનગર ખાતે કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રૂબરૂમાં રજુઆત કરી ત્યારે મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પણ આ અંગે તાત્કાલિક અસરથી શિક્ષણ વિભાગને જણાવ્યું અને ત્રણ અધ્યાપકને તુરંત વડિયા કોલેજમાં મુકવામાં આવ્યા.

વડીયામાં ઘણા વર્ષોથી સરકારી કોલેજની માંગણીની અનેક રજૂઆતો પછી ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ગત શૈક્ષણિક વર્ષથી આર્ટસ, કોમર્સ અને સાયન્સ ત્રણેય ફેકલ્ટી શરૂ કરવામાં આવી હતી. કોલેજના પ્રથમ સેમેસ્ટરમાં લગભગ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો પરંતુ આ વિદ્યાર્થીઓ માટે કાયમી કોઈ અધ્યાપક ન ફાળવાતા આ વિદ્યાર્થીઓ ખુબ વ્યથિત હતા. આ બાબતની રજૂઆત મંત્રી કૌશિકભાઈ વેકરીયાને સ્થાનિક ભાજપના જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુમ્મર પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈ ગણાત્રા દ્વારા રજુઆત કરવામાં આવી હતી. મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગને રજૂઆત કરાતા અમદાવાદની સરકારી કોલેજોમાં ફરજ બજાવતા ત્રણ અધ્યાપકોની નિમંણૂક વડીયા ની કોલેજમા કરવામાં આવી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાજ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય.....૦૩
(૨) હેલ્પર.....૦૩
(૨) મિકેનિક.....૦૩
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
સ્વસ્થ સંડોવ છોડો,સહન ન કરો,સારવાર કરાવો આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર – હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/-
PF કાપવાપાત્ર રહેશે. ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058*
INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-FI HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.....૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ – ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE 124.6 CC
TORQUE 10.6 NM
KERB WEIGHT 115 KG
BRAKES DRUM
DESTINI 125
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

પ્રકરણ .. ૨૬૦, – ૧૯૬૫

પ્રિય વાચક મિત્રો,

સ્ત્રી અને પૃથ્વીને હમેશા સહન કરવું પડે જ છે, આવું વાકય કાજલ ફિલ્મમાં દુર્ગા ખોટે ના દ્વારા કેહવાયું છે, અને તે સ્ત્રી એટલે સહન શકિતની જીવંત મુર્તિએ આજેપણ યથાર્થ જ છે. સ્ત્રીને ઘણી વાર શમા રૂપે પણ વર્ણન કરાયુ છે, સ્ત્રી એ એક માતા, એક બહેન, એક પત્ની ની આદર્શ મુર્તિ છે, જે ઈશ્વરે તેની તમામ શકિતને અહી અર્પિત કરેલ છે. કાજલ ફિલ્મમાં સ્ત્રીને એક દિપક સાથે સરખાવી છે, દિપકની જયોત જલતી રહે છે, અને જયાં દિપક જાય ત્યાં અંધકાર દૂર થાય છે, એમ સ્ત્રીએ જીવનમાં જે ફરજ તેને નિભાવવાની છે, તેમાં સફળ થતી હોય છે. દિપકની જયોત થી કાજલ એટલે કે આંજણ મળે છે, જે કોઈપણની આંખોમાં સુંદરતા આપે છે, બાળકોને નજરના લાગે એટલે તેને બાળકના કપાળે પણ લગાડાય છે. પણ કયારેક કાજલ બીજાનો ચહેરો કાળો પણ બનાવી દે છે, એવી પણ સ્ત્રી છે, જે બીજાના જીવનમાં આ દિપકની જયોત દ્વારા આગ પણ લગાવી શકે છે જેમ કે દુર્ગા ખોટે અહી એક માતાની ભૂમિકામાં છે, જે તેના સંતાનના હોવા છતા સમાજને ખ્યાલ આવતો નથી કે આ સંતાન તેના નથી તેવી રીતે માતાનો સ્નેહ આપે છે. મીના એટલે કે માલતી.. એ સગી બહેનના હોવા છતા એક બહેનનો પ્રેમ આપે છે, તો મુમતાઝ જેવી સ્ત્રી બીજાના ઘરમાં અશાંતિ પણ ઊભી કરી શકે છે. અહી એ પણ ચિત્રિત થયું છે, કે કોઈપણ યુવાન સ્ત્રી અને પુરૂષના સંબંધોને સમાજ એક વાસના મય સંબંધોથી જ વધુ જુવે છે. આ ફિલ્મ આજ થી ૬૦ વર્ષ પેહલા બની

યે ઝૂલ્ફ અગર ખૂલ કે બિખર.. જાયે તો અચ્છા.. યે ઝૂલ્ફ અગર.ખૂલ તોરા મન દર્પન.. કહેલાએ.. ભલે બુરે. સારે કર્મો કો દેખે.. ઔર દિખાયે મેરે ભૈયા.. મેરે ચંદા.. મેરે અનમોલ રતન. તેરે બદલે મે ઝમાને કી..છુ લેને. દો.. નાજુક હોઠો કો.. કુછ ઔર નહી હૈ.. જામ હૈ યે.. કુદરત ને

છે, અને ત્યારે જો સ્ત્રી અને પુરૂષના સંબંધોને આવી નજરે જોવાતા હતા, તો આજે તેમાં વિકૃતિનો ઉમેરો થયો છે, આજેપણ કોઈ પણ સ્ત્રી અને પુરૂષના સંબંધોને સાંત્વિકરૂપેના જોવાતા માત્ર વિકૃતિ ના રૂપે સમાજ જુવે છે. પણ દરેક સંબંધો વિકૃત કે અનૈતિક હોતા નથી. આજે સ્ત્રીનું રૂપ જરૂર બદલાયું છે, પણ મોટા ભાગની સ્ત્રીઓ, નોકરી અથવા પોતાનો વ્યવસાયની સાથે તેના ઘર, વડીલો, બાળકો અને પતિની જરૂરિયાતો પૂરી કરતી હોય છે, તે આદર્શ નારીનું રૂપબદલ્યું છે, પણ અંદરની લાગણીઓ એમની એમ અકબંધ જ છે. ઘણા આપવાદો તે સમયે પણ હતા અને આજેપણ હશે, પણ આજની ફિલ્મની ચર્ચામાં તેની વાત અસ્થાને છે.ગૂલ્સન નંદાની નવલ કથા માલતી પર આધારિત આ ફિલ્મનું નિર્દેશન રામ મહેશ્વરીએ કર્યું હતું, નિર્દેશક રૂપે આ તેમની પ્રથમ ફિલ્મ હતી. અને નિર્માણ પન્ના લાલ મહેશ્વરીનું હતું, સ્ક્રીન પ્લે અને સંવાદ, ફની મજમુદારના હતા, સાહિર લૂધ્યાનવીના ગીતો અને રવિના મધુર અને યાદગાર સંગીતમાં રફી સાહેબ, આશાજી, અને મહેન્દ્રકપૂરના સ્વરના ગીતો આજેપણ લોકપ્રિય છે, આ ફિલ્મમાં રાજકુમાર, મીના કુમારી, ધર્મેન્દ્ર, પદ્મિની, મુમતાઝ, હેલેન, દુર્ગા ખોટે, શૈલેષ કુમાર, ગજનન જાગીરદાર, ટૂન ટૂન, તિવારી, અને મહમુદે અભિનય આપ્યો હતો. ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, દુર્ગા એક અમીર ખાનદાન ઘરાવે છે, તેનો પુત્ર ધરમ છે, તો હવેલી જેના દ્વારા ચમકી રહી છે, તે માલતી એટલે કે મીના તેના ભાઈ શૈલેષ સાથે રહે છે. મીના ધરમને પણ ભાઈ માને છે, એક દિવસ તેનો ભાઈ શૈલેષ પાણીમાં ડૂબી જતાં અવસાન પામે છે. અને ધરમ મીનાને કહે છે કે આજથી તે તેનો સગો ભાઈ છે. ધરમ ના લગ્ન પદ્મિની સાથે થાય છે, પદ્મિનીની નોકર મુમતાઝ તેના અને મહમુદના સંબંધોને મીના રોકે છે તેથી મીના અને ધરમ વચ્ચે અનૈતિક સંબંધ છે તેવું પદ્મિનીને કહે છે, આમ પણ પદ્મિની હવેલીમાં મીનાનું માન અને હાજરી જોઈ શકતી નથી.તે ધરમ અને મીનાના સંબંધને અપવિત્ર કહે છે, મીના આત્મ હત્યા કરવા જાય છે, પણ રાજકુમાર તેને બચાવી લે છે. રાજને સારો અને ધનિક વ્યક્તિ સમજી મીનાના લગ્ન રાજ સાથે કરવામાં આવે છે, પણ રાજએ ધનિક નથી, પણ વ્યભિચારી અને શરાબી છે, મીનાનું જીવન મીનાને દુઃખ જ આપી રહ્યું છે, ત્યારે ધરમને રાજની સચ્ચાઈની ખબર પડે છે, તે રાજને કશું કહે તે પેહલા જ રાજના કહેવાતા પિતા તિવારીની ફિલ્મમાં એન્ટ્રી થાય છે, તે ખુલાશો કરે છે કે બચપણમાં તે દુર્ગાને ત્યાં કામ કરતો હતો, અને દુર્ગા સાથેના અણ બનાવ થી તે તેના પુત્રને ઉપાડી ગયેલ તે પુત્ર રાજ કુમાર છે, અને ધરમએ નોકરનો પુત્ર છે, આમ ધરમ અને મીના સગા ભાઈ બહેન નીકળે છે. રાજ ધરમને હવેલી થી દૂર કરે છે, રાજની માતા રાજના વર્તન અને ધરમના અન્યાયથી વસિયત બદલી નાખે છે, અને મૃત્યુ પામે છે, પણ રાજ ધન માટે ધરમ સાથે લડાઈ કરે છે, અને તે લડાઈમાં મીના રાજ દ્વારા ઘાયલ થાય છે, અંતે રાજને સત્ય સમજાય છે, અને રાજ મીના એક થાય છે.પરિવારમાં ખુશી છવાઈ જાય છે.કાજલ ફિલ્મ વિષે થોડી વાત કરીયે, તો રાજ કુમાર તે સમયે એક પ્રસિદ્ધ કલાકાર હતા. અને સફળ હતા, પણ ધર્મેન્દ્રના નામે સુપર હિટ ફિલ્મ હજુ આવી ના હતી,ગત વર્ષની આઈ મિલન કી બેલામાં તેઓ ખલ નાયક હતા. રાજ કુમારને સફળતાની સાથે તેના શબ્દોથી વધુ પરિચિત હિન્દી સિનેમા હતું, કાજલ ફિલ્મના શૂટિંગમાં ધર્મેન્દ્ર અને રાજકુમાર મળ્યા, એટલે રાજકુમારે નિર્દેશકને કહ્યું કે આ પહલવાન કયાંથી ઉપાડી લાવ્યા છો? ધર્મેન્દ્રએ તેમને કહ્યું કે સભ્યતા રાખો, તો પણ રાજકુમાર વારંવાર તેની મજાક કરતાં હતા, અને એકવાર બંદર પણ કહ્યું, અને ધર્મેન્દ્રએ

ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

રાજકુમારનો કોલર પકડી તેને મારવા પ્રયત્ન કરેલ. ત્યાં રહેલ લોકોએ બન્નેને દૂર કર્યા, રાજકુમારે ફિલ્મ કરવાની ના કહી દીધી, પણ પછી મહા મહનતે તેઓ ફિલ્મ કરવા તૈયાર થયા. ત્યારબાદ ધર્મેન્દ્ર અને રાજકુમારે ઘણા વર્ષો સુધી સાથે કામ કર્યુંના હતું.ગીત કાર સાહિરે ગીત બનાવ્યું.. યે ઝૂલ્ફ અગર ખૂલ કે બીખર જાયે તો અચ્છા... પણ સંગીત કાર રવિને આ ગીતના શબ્દો પસંદના પડયા, કારણ કે ગીતમાં ૧૭ વાર અચ્છા શબ્દ આવતો હતો, આ વાત પર બન્ને વચ્ચે મતભેદ થયા, આ વાતની રફી સાહેબને ખબર પડી, અને તેમણે રવિને કહ્યું કે તમે ધૂન બનાવો, હું તે અચ્છા શબ્દ દરેક સમયે અલગ અલગ રૂપે રજૂ કરીશ, અને આ માત્રને માત્ર રફી સાહેબ જ કરી શકે તેનું આ ઉદાહરણ છે, આ ગીતમાં રફી સાહેબ ૧૭ વાર અચ્છા શબ્દ અલગ અલગ રીતે ગાયેલ છે. આજના વોઈસ ઓફ રફી જેવા કલાકારોને આ ગીત રજૂ કરવું એક પડકાર સમાન હોય છે. આજ રીતે છુ લેનો દો નાજુક હોઠો કો માં, રવિ સાહેબ એક શરાબીનો સ્વર ઈચ્છતા હતા, પણ રફી સાહેબ કદી શરાબ પીતાના હતા, પણ તેમણે કહ્યું, કે રવિજી તમોને એક શરાબી જ આ ગીતમાં સાંભળવા મળ શે, અને આજે પણ આ ગીત એક યાદગાર ગીતની શ્રેણીમાં છે.આશાજી માટે આ ફિલ્મ એક સફળતા તરફ લઈ ગઈ, આશાજીને આ પી.સાહેબ વધુ ગીતો આપતા હતા, જયારે લતાજી હિન્દી સિનેમામાં એક ચકરી શાસન ભોગવતા હતા, આશા જી અને આ પી સાહેબના અંગત સંબંધો વિષે આગામી અંક જાણીશું. કાજલ ફિલ્મનું બજેટ ૬૦ લાખ હતું અને તે સમયે ભારતમાં આ ફિલ્મ દ્વારા ૧ કરોડ વીસ લાખનો નફો પ્રાપ્ત થયો હતો. આ ફિલ્મ ૧૯૬૫ની દસમા નંબરની સુપર હિટ ફિલ્મ સાબિત થઈ હતી. આ ફિલ્મ દ્વારા ધર્મેન્દ્રને એક સફળ ફિલ્મ મળી હતી, પણ તેની હી મેનની છાપ ઊભી કરતી ફિલ્મ ૧૯૬૬ માં આવશે. ૧૯૬૫માં મુમતાઝને જબરી સફળતા મળી, કાજલ ફિલ્મમાં તે એક ખલ નાયક અને કોમેડી રોલ માં હતા, પણ તેની સુંદરતા અને અભિનયની નોંધ લેવાઈ હતી. મેહમુદ કાજલ ફિલ્મમાં છવાયેલા રહે છે. બીજું ભગવાન સામે સંવાદ બોલવાની પ્રથા પણ આ ફિલ્મ દ્વારા સફળ થઈ તેમ કહી શકાય.રાજ કુમાર ભગવાનને પથ્થર કહે છે, અને અંતે તે જ ભગવાન પાસે યાચના કરતાં જોવા મળે છે. આ ફિલ્મમાં હિન્દુ ધર્મના ભગવાનો સમક્ષ સંવાદ અને પ્રેમ બતાવ્યા છે,જે બરાબર નથી.આ ફિલ્મમાં મીનાકુમારીને સર્વ શ્રેષ્ઠ અભિનેત્રીનો ફિલ્મ ફેર એવાર્ડ મળ્યો છે.રાજ કુમારની આ વર્ષની નંબર એક પરની ફિલ્મ, પણ આવી જેના દ્વારા રાજ કુમાર સંવાદોના શહેનશાહ બન્યા, તે ઉપરાંત કે એસ ગોપાલ કૃષ્ણન ના નિર્દેશન માં, મદન મોહનના સંગીત સાથે ફિલ્મ રિસતે નાતે આવી, જેમાં રાજ કુમાર, જમુના, નુતન, દેવેન વર્મા, અમિતા, નાસિર હુસેન, ડેવિડ, કન્હૈયા લાલે કામ કર્યું હતું. એક બાળક જે તેના માતા પિતાના બદલે એક બીજી જગ્યા એ માતા પિતાનો સ્નેહ મેળવે છે, પણ તેમાં પણ પાલક માતાના નિધન થતાં, નવી માતા સાથે બાળક અલગતા અનુભવે છે, પણ અંતે માતાનો સ્નેહ જીતી જાય છે, આવી કહાની પરની આ ફિલ્મ સફળના રહી. આગામી અંક માં ૧૯૬૫ની નવમા નંબરની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર...

* અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) *

અસ્વસ્થ જીવનશૈલી ગ્રંથમાળામાં આપણે સ્વસ્થ રહેવા આપણી દિનચર્યા કેવી હોવી જોઈએ એના એક મુદાની તથા લાઈફ સ્ટાઈલ ડીસીઝ અંતર્ગત ડાયાબીટીસ–

હાઈપર ટેન્શન– હદય રોગ અને ઓબેસીટીને સમજવાનો પ્રયત્ન કરીશું.

દિનચર્યા નિશાચર્યા ઋતુચર્યા યથોદિતામ। અ। ચ ર ન પુરૂષ : સ્વસ્થ : સદા તિષ્ઠતિ નાન્યથાય ।। અર્થાત, દિનચર્યા, રાત્રિચર્યા અને ઋતુચર્યામાં કહ્યા પ્રમાણે આચરણ કરનાર વ્યકિત હંમેશા સ્વસ્થ રહી શકે છે. તે પ્રમાણે આચરણ ન કરનાર વ્યકિત કદાપિ સ્વસ્થ રહી શકતી નથી. મીત્રો હુ એક આયુર્વેદ ચીકીત્સક છુ, મારી પાસે સારવાર લેવા આવતા લોકોની સ્વસ્થ રહેવા માટે જુદા–જુદા પ્રશ્નો હોય છે જેમ કે ખોરાક બાબતે (કયારે ખાવુ, કેટ્લુ ખાવુ, વિરૂધ્ધ આહાર એટલે શુ, કયુ તેલ ખાવુ, ઘી ખાવુ કે નહી? પાણી કયારે પીવુ, કેટલુ પીવુ, જમ્યા પછી પાણી પીવુ કે નહી) નીદ્રા બાબતે (રોજ કેટલુ સુવુ, બપોરે સુવુ કે નહી) અને કસરત બાબતે (કઈ કસરત સારી, કેટલી કરવી કયારે કરવી) લોકોના સ્વાસ્થ્ય સબંધી આવા પ્રશ્નોને લઈ મારા આયુર્વેદ ચીકીત્સક તરીકેના ૩૦ વર્ષના મારા અનુભવ, આયુર્વેદશાસ્ત્રોમા કહેલી વાતો, આધુનીક ચીકીત્સા શાસ્ત્રનો આધાર લઈ આજના સમયમાં આપણી દીનચર્યા કેવી હોવી જોઈએ જેથી આપણે સ્વસ્થ રહી શકીએ જેની ચર્ચા આપણે કરવાના છીએ તો મીત્રો ચાલો નવા વર્ષથી આપણે સ્વસ્થ રહેવાનો સંકલ્પ કરીએ.

સવારે કયારે ઉઠવું :

બ્રાહ્મે મુહુર્તે ઉતિષ્ઠેસ્વસ્થો રક્ષાર્થમાયુષ :સ્વસ્થ માણસે આયુની રક્ષા માટે બ્રાહ્મમુહુર્તમાં ઉઠવું જોઈએ. બ્રાહ્મમુહુર્ત એટલે પાછલી ચાર ઘડી રાત બાકી હોય ત્યારે એટલે કે સુર્યોદય થયા પહેલા ૯૬ મિનિટ એ બ્રાહ્મમુહુર્ત કહેવાય છે. આજની નવી પેઢીની જાણકારી માટે, એક પ્રહર એટલે ત્રણ

કલાક, રાત્રીના પાછલા–અંતિમ પ્રહરને કેટલાક બ્રાહ્મમુહુર્ત કહે છે. બ્રહમનું ચિંતન અને વેદનું અધ્યયન કરવા માટેનો ઉપયુકત કાળ બ્રાહ્મમુહુર્ત ગણાય છે. બે ઘડીનું એક મુહુર્ત થાય છે અને એક ઘડીની ૨૪ મિનિટ થાય છે. આમ રાત્રીનાં અંતિમ બે મુહુર્ત (છેલ્લી ચાર ઘડી૯૬ મિનિટ) વાળા બ્રાહ્મમુહુર્તમાં નિરોગી માણસે નિદ્રાનો ત્યાગ કરી જાગી જવુ કે પથારી છોડી દેવી જોઈએ. આ નિયમ સ્વસ્થ વ્યકતી માટે જ છે, રોગી વ્યકતી એ ધાતુસામ્ય માટે સુઈ રહેવું જોઈએ. મીત્રો શિયાળા નો પ્રારંભ થઈ ગયો છે, તા. ૧૬ નવેમ્બર થી ૧૫–જાન્યુઆરી (કારતક અને માગશર) આ બે મહીના હેમંત ઋતુ ગણાય છે અને કસરત તથા શરીરમાં બળ ભેગુ કરવાનો આ શ્રેષ્ઠ સમય ગણાય છે. જો બ્રાહ્મમુહુર્તમાં ઉઠીશુ તો કસરત, માલીશ (અભ્યંગ) માટે પુરતો સમય રહેશે. બ્રાહ્મમુહુર્તમાં વાતાવરણમાં ઓકસીજનનું પ્રમાણ વધુ હોય છે, વાતાવરણમાં તાજગી અને ઉર્જા હોય છે આવા સમયે જો પ્રાણાયામ, એરોબીકસ, યોગાસન જેવી કસરત કરવામા આવે તો વિશેષ ફાયદો થાય છે.

સવારનું શાંત વાતાવરણ જ એવું હોય છે કે તે વખતે મનુષ્યમાત્રને ચિંતવન કરવાનું મન થઈ આવે છે, આ અરસામાં વિધ્યાર્થીઓ સ્વાધ્યાય કરે તો તેની ગ્રહણશકિત વધે છે.સવારે વહેલા ઉઠવાથી તમને રૂટીન કામો પતાવવા માટે પુરતો સમય મળે છે અને આખો દિવસ ઉત્સાહમાં જાય છે. જયારે મોડા ઉઠવાથી મોડે સુધી સુસ્તી અને ઉંઘ ઉડતી નથી પરીણામે રોજના કામો સમયસર થતા નથી જેને લીધે વધુ પડતો તનાવ અનુભવાય છે પરીણામે ડીપ્રેશન જેવા માનસીક રોગોના ભોગ બનીએ છીએ. કોઈપણ કામમાં જયારે મોડુ થાય છે ત્યારે આપણે તાણ અનુભવીએ છીએ અને જેને લીધે મન અસ્થીર થાય છે આવ અસ્થીર મને કરેલુ કામ યોગ્ય રીતે થતુ નથી, જેમ કે બહેનોને સવારે જો મોડુ થાય તો આખા દિવસનુ કામ વ્યવસ્થીત થતુ નથી પરીણામે ખુબ જ તાણ અનુભવાય છે આવુ જ નોકરી–ધંધા ઉપર જતી વ્યકતી માટે પણ બને છે આમ સમયના આયોજનના અભાવે આપણને ઉદ્વેગ, દોડાદોડ, ભય, વ્યાકુળતા, ચિંતા, શોક, ક્રોધ વગેરે માનસિક આવેગો આવે છે જેની પ્રાણની ગતી ઉપર બહુ પ્રબળ અસર થાય છે અને જે માણસના મનમાં આ આવેગો વારંવાર આઘાતો પહોચાડતા હોય છે તેના શરીરની પ્રાણ વ્યવસ્થા વિષમ બની જાય છે. અને એની અસર એના જ્ઞાનતંતુઓ, રૂધિરાભીસરણ, રકતવાહિનીઓ, હદયતંત્ર, જ્ઞાનેનદ્રિયો તેમજ સમસ્ત શરીર–મન ઉપર હાનિકારક થાય છે.એનું આહત પાચનતંત્ર પણ બગડી જાય છે અને નિદ્રા,જાગ્રુતિ, સ્વપ્ની એની ક્રિયાઓ પણ અસ્ત્વ્યસ્ત થઈ જાય છે. એક સર્વે મુજબ સવારે વહેલી તકે ઉઠી જવાથી ડિપ્રેશનનો ખતરો ઓછો રહે છે, જે લોકો સવારે વહેલી તકે ઉઠી જવાની ટેવ ધરાવે છે તેમનામાં અનેક બિમારીનો ખતરો તો પહેલાથી જ ઘટી જાય છે. તેમની માનસીક સ્થિતી પણ સારી રહે છે. વહેલી તકે ઉઠી જતા લોકોમાં સિજાફ્રેનીયા અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીનો ખતરો ખુબ ઓછો રહે છે. સવારમા વહેલી તકે ઉઠવાથી ડાયાબિટીસ અને સ્થુળતાનો ખતરો ખુબ ઓછો રહે છે.

સવારે નિયમીત વહેલા ઉઠવાની ટેવ થી દરેક કામ સમયસર, વ્યવસ્થીત અને ચોકસાઈપુર્વક કરવાની ટેવ પડી જાય છે જેને લીધે નાનામાં નાનુ કામ ગુણવતાયુકત થાય છે, કામ કરવાનો થાક નથી લાગતો પરીણામે દરેક ક્ષણને તમે ઉત્સાહ અને ઉર્જા સાથે જીવી શકો છો.

ડાયાબીટીસને ઓળખીએ :

આપણા દેશનો ઈતિહાસ જ એવો રહ્યો છે કે વિદેશીઓએ કાયમ આપણા દેશ ઉપર તેની નજર બગાડી છે. આપણી સંસ્કૃતિ અને પ્રકૃતિ હમેશા વસુધૈવં કુટુમ્બકમની રહી છે. એટલે આપણે કયારેય કોઈ પણ દેશ ઉપર આપણો હક જમાવ્યો નથી. આપણને વિદેશી તાકાતથી એટલું નુકશાન નથી થયું જેટલું આપણાજ દેશનું ખાઈને મોટા થયેલા ગદારો (હીત શત્રુઓ)થી થયું છે, આ ગદારો કાયમ આપણી સાથે રહી જયારે પણ કોઈ વિદેશી આકમણ થાય આપણા દેશને નુકશાન પહોચાડવાનું અને વિદેશીને મદદ કરવાનું કામ કરતા આવ્યા છે. એનો અર્થ એ થયો કે આપણો સૌથી મોટો દુશ્મન આપણા જ દેશમાં રહેતા ગદારો છે.આવું જ કઈક ડાયાબિટીસનું છે, ડાયાબિટીસ એવો રોગ છે જે પોતે શરીરને ધીમેધીમે કોરી ખાય છે અને જયારે બીજો કોઈ બહારનો રોગ શરીરમાં પ્રવેશે ત્યારે તે રોગને મદદ કરી શરીરને ખુબ મોટું નુકશાન પહોચાડે છે. હાલમાં કોરોનામાં પણ એવું જ થઈ રહ્યું છે જે લોકોને ડાયાબિટીસની તકલીફ છે તેને કોરોના થી ખૂબ મોટો ભય છે. આપણા માટે ચિંતાનો વિષય એટલે છે કે વિમાં ડાયાબિટીસનાં જેટલા દર્દી છે તેના ૨૦ ટકા ભારતમાં છે અને તેના ૨૦ ટકા કેસ ગુજરાતમાં છે. તાજેતરમાં થયેલા એક સર્વે પ્રમાણે સમગ્ર ગુજરાતમાં ૨૦ થી ૪૦ વર્ષની ઉમરના લોકોમાં ૨૦ ટકા કિસ્સામાં ડાયાબીટીસ જોવા મળ્યો છે એ સમય દુર નથી જયારે લોકો ગુજરાતને ડાયાબિટીસ સ્ટેટ ઓફ ઈન્ડીયા નામથી ઓળખવા લાગે. એક અંદાજ પ્રમાણે ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૧૦ કરોડ ડાયાબિટીસનાં દર્દી હશે અને ચોક્કસ આ આકડો ચિંતા ઉપજાવનારો છે. (ક્રમશ:)

તેરી જીત સે જ્યાદા ચર્ચે તો મેરી હાર કે તો હી હૈ !

પ્રશાંત કિશોર... એક અદભૂત મેનેજમેન્ટના માસ્ટર.. પરંતુ સમય કેવો વિચિત્ર હોય છે. કોને કયાં લઈ જય એ તો કેવળ રામ જ જાણે

'સતત' અને 'સખત' શરૂ રહેશે તો સફળતા તો મેળવશે જ

જો કે મેનેજમેન્ટ જગતમાં ખૂબ પ્રખ્યાત વાત છે. 'લર્નિંગ ધી આઈવરી ટાવર ઈઝ ડિફરેન્ટ ફ્રોમ ટીચીંગ ધ આઈવરી ટાવર,એન્ડ ઈમ્પ્લેમેન્ટિંગ ધ આઈવરી ટાવર ઈઝ ઓલ ટુ ગેધર ડિફરેન્ટ ફ્રોમ લર્નિંગ (અને) ટીચીંગ બોથ!' 'ચુનાવ' નું પણ આવું જ છે. આ વાતની તેમને અનુભૂતિ થઈ હશે જ.યુનાઈટેડ નેશન્સનો કુપોષણ પર કામ કરતોએ ટોપનો અધિકારી. અમુકલાખ ડોલરમાં પગાર, એજયાં વિઝીટ માટે જાય ત્યાંનું ભથ્થુ ને સેવન સ્ટાર હોટેલમાં રોકાણ લગભગ આઠ વર્ષ સુધી એમણે યુ.એન.માં કામ કર્યું... એ કવા૨ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને એક રિપોર્ટ આપ્યો કે–યુપી, બિહારમાં મહિલા અને બાળકોના કુપોષણ બાબતે તો બધા વાત કરશે પણ, ગુજરાતમાં આ મુદ્દે કોણ ધ્યાન આપશે ? મોદીએ પોતાના સ્વભાવને અનુરૂપ જવાબ આપ્યો કે – વાતો તો ઘણાએ કરી પણ, અહીં આવીને કામ કરવાની તૈયારી કોની છે ? તરત જ પી.કે.એ યુએનમાંથી રાજીનામું આપીને ગુજરાતમાં મોદીના સલાહકાર તરીકે એન્ટ્રી કરી, એક પછી એક યોજનાઓ મહિલાઓ અને બાળકો માટે લાગુ પાડી. એ યોજનાઓનો પ્રચાર પણ સોશિયલ મીડિયામાં એવી

રીતે કર્યો કે, *૨૦૧૪ સુધીમાં ગુજરાત મોડેલને દેશભરમાં પ્રચલિત કરવાનો શ્રેય સિવાય પ્રશાંત કિશોરને પણ જાય.* ઈવન, ભાજપ એવી પહેલી પાર્ટી બની જેણે સોશિયલ મીડિયામાં પહેલ વહેલો પ્રચાર શરૂ કર્યો. યાદ કરો એ મોદીની વડાપ્રધાન પદના ઉમેદવાર બન્યા પછીની પહેલી સભા કે જે ઉડીહતી. એમાં એક જગ્યાએ મોદીનું પ્રવચન થાય પણ અનેક જગ્યાએ પ્રસારિત થાય. એ આઈડિયા પણ પ્રશાંત કિશોરનો ! પણ આખાબોલા પીકે અને મોદી બન્નેને લાંબુ ના બન્યું. પછી તો એમણે ભાજપ છોડીને અનેક પાર્ટીઓ માટે કામ કર્યું. જેમાં ૨૦૧૩ નું યુપી ઈલેકશન બાદ કરીએ તો બધી પાર્ટીઓને પીકેએ વિજય અપાવ્યો. યુપી બાબતે પણ પ્રશાંતે સ્પષ્ટ કહી દીધેલું કે, કોંગ્રેસમાં એટલા સલાહકાર વધી ગયા છે કે મારી કોઈ જરૂર જ નથી. બધું સરખું ચાલ્યું હોત તો આજે પ્રશાંત કિશોર કોંગ્રેસમાં કોઈ ઉચ્ચપદે હોત.મોરારજી દેસાઈથી 'મેગી' (માર્ગારેટ થ્રેશર) થઈ, ભારતના ત્યારથી આજ સુધીના ક્રમશ તમામ પક્ષના તમામ વડાપ્રધાનોના ' આવાગમન' ' ઋષિ' (બ્રિટનના વડાપ્રધાન), ઓબામા (બે વાર) અને તેમને નિરખવાનો અને ઘણી વખત તેમને નિખારવાનો ! અવસર મળ્યો પરંતુ એટલું જ ચુનાવ વિશે કહી શકાય કે.....' ફાવીયો, વખણાય'! અને *સદનસીબે નરેન્દ્રભાઈ અને અમિતભાઈ સતત ' ફાવી રહ્યા છે.... અને તેથીજ વખણાય રહ્યા છે.*

પ્રસ્તુતિ શ્રી બિપીનભાઈ પાંધી શ્રી હર્ષદભાઈ જોષી સા.કુંડલા

અલબત્ત અમુક વાતો નરેન્દ્રભાઈ અને અમિતભાઈની જોડીમાંથી 'દુશ્મનોએ પણ શીખવા જેવી છે.....(૧) સંપૂર્ણ સમર્પણ. મન, કર્મ, વચન થી. વિજયના લક્ષ્યને. જે અન્ય કરી શકે નહીં. (૨) રાઈટ આઈડેન્ટિફિકેશન ઓફ 'ટાર્ગેટ વોટર્સ' (૩) કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જે નરેન્દ્રભાઈ અને અમિતભાઈ 'પરિશ્રમની પરાકાષ્ટા' સર્જે છે. તે અન્ય પાસે અપેક્ષિત નથી. માત્ર ભારતમાં જ નહી. સમગ્ર દુનિયા માં. (૪) 'અવરિથિંગ ઈસ ફેર' (ઈન વોર એન્ડ લવ) ઈન ગેઈનિંગ (અને) રિઈ ટેનિંગ પોલિટિકલ પાવરનું આત્મસાત કરેલ સૂત્ર!(એક અંગત વાત જણાવું. ચીમનભાઈ પટેલ પાસે અને સાથે જયારે વિવિધ નેતાઓ વિવિધ ' સમીકરણો'ની કથા કરતા..... ત્યારે ચીમનભાઈ એક જ પ્રશ્ન કરતા.....' જીતે એવો કોણ છે. ઈ કહો ને !)આ ' ઈન્ટિટકટ' 'રેર' કોમોડિટી છે.

વળી, પી.કે. કોઈ મોટા પરિવારમાંથી આવતા નબીરા નથી. એક સામાન્ય પ્રેકિટસ કરતા ડોકટર પુત્ર છે. જેમણે બિહારના પોલિટિકસમાં ના ઝંપલાવ્યુ હોત તો આજે પણ યુનાઈટેડ નેશનલમાં લાખો ડોલર કમાતા હોત કે કોઈપણ રાજકીય પાર્ટીના સ્ટ્રેટેજિસ્ટ તરીકે સફળ હોત. પણ ત્રણ વરસ સુધી બિહારમાં ગામેગામ યાત્રા કરીને ભાજપના હિન્દુત્વ કેનીતીશ–તેજસ્વીના જ્ઞાતિવાદ સિવાય બેરોજગારી, સરકારી નોકરી અને મજૂરોના પલાયનવાદ જેવા અસામાન્ય મુદ્દે ઈલેકશન લડયું...પણ દરેક મોટા બૌદ્ધિક અધિકારીની જેમ પ્રશાંતભાઈ એ ભૂલ એકરી કે, અગાઉ એક ઈન્ટરવ્યૂમાં સત્યવાદી બનીને કહી દીધું કે, મારી પાસે તો ઈલેકશન લડવાના પૈસા જ નથી. આ તો જે પાર્ટીઓ માટે મેં કામ કર્યું એમણે મને મદદ કરી છે. બીજી રાજકીય ભૂલ એ કે, બિહારમાં જ્ઞાતિના સમીકરણો તરફ ઈમાનદારી કે કદાચ અજાણતામાં જ ધ્યાનના આપ્યું. પરિણામ ? શૂન્ય સીટ અને નોટા કરતા પણ ઓછા મત! ખૈર, આજે પ્રશાંત કિશોર પોતાના 'ઝીરો' બાબતે સોશિયલ મીડિયામાં મજાકનો વિષય બની ગયા છે. દરેક રાજકીય પાર્ટીના સમર્થકો તરફથી. જે માણસ પાસેથી કયારેક રાજકારણીઓ સલાહ લઈ રહ્યા હતા, એમને આજે સામાન્ય લોકો એમને સલાહ આપી રહ્યા છે. લોકોનો લોકશાહીમાં અધિકાર છે, પોતાનું કાચું પાકું મંતવ્ય આપવાનો ! બાકી, હજી પ્રશાંત કિશોર પાંચ વર્ષ બિહારમાં મહેનત કરશે તો બિહારમાં એક મોટો વર્ગ છે જ, જે આઝાદી પછી કાયમ કોઈ ત્રીજા વિકલ્પની તલાશમાં રહે છે !

અર્થાત : પ્રશાંતભાઈ 'સતત' અને ' સખત' શરૂ રહેશે તો સફળતા તો મેળવશે જ. પણ 'પરિણામ' થી જ 'ઊલટી ગિનતી' (કાઉન્ટ ડાઉન) કરવી રહી. ખેર ! લાંબુ થઈ ગયું. અને આ તો 'હરિ અનંત, હરિ કથા અનંતા' જેવું છે. અંતે તો કાળના ગર્ભમાં શું છુપાયું છે એ તો સમય આવ્યે જ સમજાય. પેલું કાબે અર્જુન લૂંટિયો વો હી ધનુષ વો હી બાણ લક્ષ અને પ્રાપ્તિ વચ્ચે ખાલી એક પાતળી દૂરી હોય છે. નસીબ આડે થી પાંદડું ખસે એટલી જ વાર..!!

।। રામહિં નિરખી ગ્રામ નરનારી, પાય નયકફ્ફલ હોહિં સુખારી ।।

અહૈતુક કૃપા

પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૭૩૩૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

તુમ યહ ન ભૂલના કિ સંબંધ આત્મસંબંધ હૈ ન કિ સ્થૂલ.

પ્રેમ વાસના નહીં પર એક અદ્‌ભૂત દિવ્ય તત્વ હૈ.

સબકો આસીસ કહના રણછોડદાસકા આસીસ

આ પત્ર વાંચતા ભગવાનના શબ્દો યાદ આવ્યા.

પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન ચિન્હે કોઈ,

જો કોઈ પ્રેમકો ચિન્હે, સો જટ હરિકા હોય. ''પ્રેમી, કામી ઔર વ્યસન તીનોંકી બાહરી દશા એક હોતી હૈ લેકિન તીનોંકી આંતરિક દશામેં બહુત ભારી અંતર હૈ. વ્યસની ઔર કામિકે ક્ષણિક સુખ હ જબ કિ પ્રેમીકા અનંત સુખ હેતા હૈ.'' ભગવાને પ્રેમ અને વાસનાનું અંતર બતાવતા કહ્યું છે, '' પ્રેમ પાપ નહીં વાસના પાપ હૈ, પ્રેમ ઔર વાસના દોનોં ચીજે હી અલગ હૈ, દોનોંકા સ્વરૂપ અલગ હૈ. પ્રેમકા સંબંધ મનસે હૈ, વાસનાકા શરીરસે. પ્રેમમેં સમર્પણકી ભાવના હોતી હૈ, વાસનામેં સ્વાર્થકી ગંધ. પ્રેમ દિવ્ય હૈ વાસના ભૌતિક. પ્રેમમેં દિન બદિન વૃદ્ધિ હોતી હૈ, વાસનામેં ઉપરતિ. પ્રેમકી પરાકાષ્ઠા સ્વંય પ્રેમમેં હોતી હૈ ઔર તબ સબ કુછ પ્રેમમય હો જાતા હૈ. પ્રેમીમેં પ્રેમ હોતા હી નહીં, પ્રેમીક પ્રેમાસ્પદ દ્વારા હી પ્રેમકી પ્રાપ્તિ હોતી હૈ. ભગવાને શબરી પ્રસંગની રચનામાં પ્રેમનું દર્શન કરાવ્યું છે.

દેખા જબ શ્રીરામને ભીલની લાઈ બોર,

માનો ભૂખે જનમ કે તૂટ પડે તેહી ઓર. શબરીને ભી લિયા યહા ચતુરાઈસે કામ,સહિત બૈર પિછે હટી ના ના ના શ્રી રામ.અભી ખિલાતી ચાખકર હે પ્રાણોં કે પ્રાણ,ખટ્ટે, મીઠે કી નહીં હૈ તુમકો પહિચાન.

અસ કહી ચખ દેને લગી મૃદુ મુખમેં મૃદુ બોર,બાર બાર પ્રભુ મુખ નિરખી શબરી ભઈ વિભોર.બેસુધ મેં દેતી રહી રહા ન તનકા ભાન,બે સુધ મે ખાતે રહે દીનબંધુ ભગવાન.રામ દરશહિત અતિ અનુરાગી, પરિછન સાજ સજન સબ લગી । પ્રેમી, પ્રેમ, પ્રેમાસ્પદ ભયે એકહી રૂપ,પ્રેમ સરોવર મે મિલા બ્રહ્માનંદ અનૂપ.બના દેવતાને કિયા ભકિત, ભકત યશ ગાન,સુનિ શબરી કો હો ગયા બાહ્ય જગત કા જ્ઞાન.સકુચ રૂકાકર શીઘ્ર હી, પલકન બિચ ભયે નૈન,હેરિ હંસે પ્રભુ લખન તન, બોલે મૃદુવર બૈન. માત, તાત મિથિલા, અવધ, ગુરૂ ગૃહ કર પરસાદ,છ રસ ચારમેં નહીં બના, ઈન બેરનકા સ્વાદ.થોડા દિવસો બાદ ફરી પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમ : પ્રિય રમા સાદર આસીસ મેરા સ્વાસ્થ ઠીક હૈ તુમ ચિન્તા ન કરના હિંમતલાલકે સ્વાસ્થકી ખબર દેતે રહના. ભજન કરના વિષયોંસે દૂર રહના ઔર તો કયા ૨૭ કો બાંસરા જાનેકા હૈ વહાં ઠીક ૨૫ દિન કરૂંગા. આજ ગેસ જાદા હૈ બસ સબકે આસીસ. રણછોડદાસકા આસીસઆ દિવસેમાં બાપુજી મુંબઈ ગયેલા. બનેવીને પગનું કેન્સર થયેલું, તેમનું ઓપરેશન થવાનું હોવાથી ત્યાં રહેવું જરૂરી હતું. પરંતુ વધારે તપાસ કરતાં ડોકટરોએ ઓપરેશનની ના કહી કારણ હવે કંઈ અર્થ ન હતો. રોગમુકત થવાની આશા છોડી દીધી. મોટા બહેનના સસરા પક્ષના ભગવાનને માનતા નહીં તેથી તેઓ કોઈ દર્શને આવતા પણ નહીં. માટે જ ઘરના બધા સદસ્યોને મંત્રદીક્ષા ભગવાને આપી છે પરંતુ મોટાબેન અને વસંતભાઈને મંત્રદીક્ષા આપી નથી. વસંતભાઈ અમેરિકા ગયા ત્યારે તેમને મંત્ર આપવા બાપુજીએ ભગવાનને કાતે, ''અભી હર હૈ'' જવાબ આપેલ ત્યારે અમે ભવિષ્ય જાણતા ન હતા. પણ સર્વજ્ઞ પ્રભુ તો જાણતા જ હોય, આજે તેમનું ભવન ચલે શિર નાઈ । બોલતા પણ સાંભળ્યા છે. દરેક વ્યકિતને મંત્રદીક્ષા પાશ્ચાત્ય જીવન છે. પદાચ આથી જ મંત્રદીક્ષા નહીં આપી હોય એમ માનવું રહ્યું કારણ ભગવાન તો ભારતીય સંસ્કૃતિના પૂર્ણ આગ્રહી રહ્યા છે.ઘણાં શિષ્યને મંત્રદીક્ષા આપતા મેં નજરે જેયા છે. અને સ્વમુખે

રામહિં દેખિ રજાયસુ પાઈ, નિજ નિજ આપતા પણ નહીં. પાત્રતા જોઈને કોઈને તરત, કોઈને થોડા કસીને, તો ઘણાંને સ્પષ્ટ ના કહી દેતા. કદાચ કોઈ વખત કોઈ એવા પાત્રને કંઠી આપતાં તો બેલતાં કે,તુલસિકી કંઠી કંઠ બિરાજે, મસ્તક સોહે હીરા,બનાદાસકી દશા દેખકર, રોવે દાસ કબીરા.મોટા ભાગે મંત્ર આપતી વખતે અમુક પ્રતિજ્ઞાએ લેવરાવતા દરેક જાતની માદક વસ્તુઓને ત્યાગ, પરસ્ત્રી માતા સમાન, ચોરી વિગેરે કુકર્મો ન કરવા, મંત્રજાપ કરવો, તેમજ વર્ષમાં ચાર ઉપવાસ કરવા કહેતા, શ્રી રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, કોઈપણ એક એકાદશી, આ સિવાય વધારે ઓછા નિયમ સામે આવેલ પાત્રના સંસ્કાર પ્રમાણે આપતા. કોઈવાર કોઈ શિષ્યને એમ પણ કહેતા, ''દેખો અબ ગલેમેં કંઠી પહન લી તે બરાબર નિયમેકા પાલન કરના, તુમ સોચોગે ગુરૂજી હમારે સાથે થોડે હી હૈ. પરંતુ યાદ રખના તુમ જબ મેરે પાસ આઓગે તો તુમારી કંઠી કા એક એક મણ મેરેસે બાત કરેગા.'' કોઈવાર એમ પણ બોલતા, ''દેખો ભાઈ કંઠી લે લેના સરલ હૈ, કંઠી બાંધકર શિષ્ય બન જુને ભી સરલ હૈ પર તુમ્હે માલૂમ હૈ મેરી કિતની જવાબદારી બઢ જાતી હૈ. જૈસે પુલિસકા બિલ્લા રહતા હૈ વૈસે યહ ભગવાન કા બિલ્લા હૈ. કંઠી બાંધકર તુમ ભગવાન કે હો જાતે હો તો તુમારી જવાબદારી હૈ કિ તુમ કોઈ અયોગ્ય કર્મ ન કરો. અંત સમયમેં યમદૂત લેને આતે હૈ તો ગલેમેં કંઠી દેખકર તુમ્હે ભગવાનકે સમજકર ભાગ જાતે હૈ. તુમ્હેં માલૂમ હૈ અપને યહાં જબ કોઈ ભી ચીજ કા ભગવાન કો ભોગ લગાયા જાતા હૈ યા ભગવાન કો કોઈ ચીજ અર્પણ કી જાતી હૈ તબ ઉસમેં તુલસી દલ છોડા જાતા હૈ. જબી ભગવાન ઉસકા સ્વીકાર કરતે હૈ. કપી પ્રકાર જિસકે ગલેમેં તુલસીજીકી કંઠી પડ ગઈ વહ ભગવાન કો અર્પણ હો ગયા, યહી કંઠી કા હેતુ હૈ ફિર ઉસ જીવકા અપનાપન રહા હી કહાં ?

આ વિષય પરથી પપરેંદામાં ઘટેલી ઘટના યાદ આવે છે. શ્રી હનુમાનસિંહજી નામના ત્યાંના રહેવાસીભાઈ ખૂબ સાત્વિક તથા ભકત રામ પ્રતોષી માતુ સબ, કહિ બિનીત બર બેન । હૃદયના છે. તેમણે જયારે ભગવાન પાસે મંત્રદીક્ષાની માંગણી કરી ત્યારે ભગવાન જાણે તેમની કસોટી કરતાં હોય અથવા નિષ્ઠાની પરિપકવતા જોતા હોય તે રીતે ત્રણ દિવસ ના પાડેલી. તેઓ પણ નિષ્ઠામાં અડગ હતા. નિયમ પ્રમાણે મંત્રદીક્ષા લેવાના દિવસે ઉપવાસ કરવાનો હોય છે. તેઓને ત્રણ દિવસના ઉપવાસ થયા. અંતે ભગવાને કૃપા કરી મંત્રદીક્ષા આપી. ''ગુરૂદક્ષિણામેં કિતની માલા દેંગે ?'' તેમ પૂછતા નિર્ભીકપણે તેમણે જવાબ આપે, ''એક ભી નહીં.'' હસતાં હસતાં ભગવાને કહ્યું, ''કયો ફિર મંત્ર કે લિયા ?'' જવાબમાં જણાવ્યું, ''બિના માલા ફેરે પાર હોનેકે લિયે. ઈસીલિયે તો તીન દિન ભૂખે રહકર આપસે હી નામ લિયા હૈ. વરના નામ સુનાનેવાલે સાધુ કમ મિલતે હૈ કયા ?'' જો કે એ ભાઈ પોતે નામ જપના પ્રેમી છે ભકત છે, પરંતુ ભગવાન પ્રત્યે આવી અદ્‌ભૂત તેમની નિષ્ઠા છે.ભગવાનના આવા નિષ્ઠાવાન ભકતો પણ છે. મેં સ્વમુખે ભગવાનને બેલતા સાંભળ્યા છે, ''કોઈ કોઈ મેરે ઐસે ભકત હૈ જો કિ એકબાર મંત્ર લેકર ચલે ગયે ફિર દિખતે ભી નહીં હૈ ઔર ખૂબ ભજન કરતે હૈ.સમય પર આમ જુદી જુદી રીતે ભગવાન જુદી જુદી પદ્ધતિથી મંત્રદીક્ષા કોઈને આપે ત્યારે ઘણાંને પ્રશ્ન ઉઠે કે અમને તો આવી રીતે દીક્ષા નથી આપી, કારણ કોઈને જાહેરમાં યજ્ઞ કરીને તો કોઈને કઈ રીતે દીક્ષા આપતા હશે એ તો ભગવાન જ જાણે. પરંતુ જયારે ભગવાન પાસે કોઈ આ રીતે તુલનાત્મક પ્રશ્ન કરતાં ત્યારે પ્રત્યુત્તરમાં કહેતા, ''દેખો ભાઈ, પાત્ર સામને આને પર ઉસકી પાત્રતા અનુસાર દીક્ષા દી જાતી હૈ. મુર્ખા કે પૈર કા તાલા હાથીકે પરમેં નહીં લગ સકતા ઔર હાથકે પરકા મુઈકે પૈરમેં નહીં. ભગવાનના હજારો ભકતો તથા શિષ્યવૃંદમાં અનેક રીતે ભગવાન સૌને તૈયાર કરતા. કારણ જીવમાત્રના જન્મોજન્મના સંસ્કાર પોતે જાણતા હૈય છે. તેથી ગત જન્મમાં કોને અભ્યાસ કયાંથી અધૂરો છે અથવા કોને બાલમંદિરથી ચાલુ કરાવવાનું છે. એ સ્વયં જાણતા હોય છે. જીવને પોતાની દષ્ટિએ મતભેદ જણાય છે પરંતુ ભગવાનની જીવમાત્ર પર અહેતુક કૃપા છે જ. તેઓ ભાવમાં મતભેદ શી રીતે કરી શકે ? વ્યવહારમાં જરૂર એવું દેખાય છે. ઘણું શિષ્યોમાં કોઈને સેવા, કોઈને.

'' અમૃતસ્ય પૂત્રા :'' આપણે અમૃતનાં પૂત્રો છીએ ''

સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

વિજયની નિરાશા, હતાશાનું કારણ શું છે ? આપણી શિક્ષણ નીતિ આપણો સંસ્કારનો વારસો છે આપણો દેશ નિતિ ધર્મથી સુવર્ણકાળમાંથી પસાર થઈને સમૃધ્ધ બન્યો છે. આજે જે શિક્ષણની હાલત છે તે અંગે ચર્ચા કરવાની જરૂર છે. પાઠયપૂસ્તકોમાં ચારિત્ર્ય ઘડતર સંસ્કાર ઘડતરનું કાર્ય હતું. તે હવે મૂળ હેતુ વિસરાઈ ગયું છે. શિક્ષણનો મુખ્ય હેતુ આપણામાં રહેલી શકિતને ઓળખી, વિકસાવી સમાજને દેશને કેમ ઉપયોગી થાય તે રીતે ઘડતર કરવાનો છે. વિચારવાન, સંસ્કારી નીતિવાન નાગરિક તૈયાર કરવાનો છે. આજે શિક્ષકો વગર પ્રિન્સિપાલો વગર વિદ્યામંદીરો ચાલે છે. ટયુશન કલાસો, પ્રાઈવેટ સ્કૂલો અભ્યાસક્રમ પૂરો કરવા પૈસા કમાવવા ચાલે છે. સરકારમાં બેઠેલાઓને કોઈ રસ નથી. આઝાદીના પ્રચાસ વરસે સુવેનિયર બહાર પાડયુ હતું. અનેક શિક્ષણકારોમાં લેખો મોકલ્યા હતા. આ સમુધ્ધ સવેનિયરમાં ખૂબ સરસ શિક્ષણ વિશેના વિચારો હતા આ સુવેનિયાર જયારે સંસદમાં રજૂ થયું ત્યારે આપણા જાણીતા શિક્ષણશાસ્ત્રી અને કુલપતિ ડો. નરેશ વેદ હાજર હતા. તેઓ તેમની એક મુલાકાતમાં જણાવે છે કે ''કેટલાક સપવાદો બાદ કરતા મોટાભાગનાં સાસંદો પોતાની નકલ ત્યાં મેજ ઉપર જ છોડીને જતા રહ્યા હતા.'' આવા સરસ શિક્ષણ વિશે મહેનતથી તૈયાર કરેલો અહેવાલ કોઈએ વાંચ્યો પણ નહિ. પછી તેને આપણી શિક્ષણ નીતિમાં શું જરૂર છે તે વિચારે ? આપણે ઘણું ઘણું ચૂકી ગયા છીએ સાંસ્કૃત્તિને જાગૃત કરવાનો સમય આવ્યો છે ત્યારે શિક્ષણની બાબતમાં ઘોર અંધકાર છે જયાં પ્રાથમિક શિક્ષણ રાજયની ફરજમાં આવે છે. ત્યારે અનેક સ્કૂલોમાં એક જ શિક્ષક છે. સમાજની ઘોર બેદરકારી નજરે ચડે છે. આપણી પોતાની સંસ્કૃતિને ભૂલીને – આપણો ભવ્ય વારસો ભૂલી રહયા છીએ. જૂનાં રજવાડાંઓના દીર્ઘદ્રષ્ટા ગોંડલના મહારાજાએ ભગવદ્‌ગીતા શીખવાડવાની વાત કરી હતી. જે વિદ્યાર્થી ગીતા મોઢે કરે એને આજીવન શિક્ષણ ફીમાંથી મૂકિત આપતા હતા સયાજીરાવ ગાયકવાડે સુંદર લાયબ્રેરી બનારસ હિંદુ યુનિવર્સિટીને બનાવી આપી હતી. આપણા પૂર્વજો પાસે ભલે ડીગ્રી નહોતી, પણ સંસ્કાર અને નીતિથી લોકો ખૂબ સારા હતા કેળવણી એટલે ભણતર ગણતર અને ચણતર આ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થતું ગીતા જીવન જીવવાની જડીબુટ્ટી છે જે માણસો હતાશ થઈ ગયા છે, ભાંગી પડયા છે. તેઓને પુરૂષાર્થ કરી જીવનના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવાનો છે.આજે આપણી આસપાસ સગવડતાનો પાર નથી માઈલો દૂર વસતા સંબંધીઓ સાથે વાતો કરી શકે છે. વિજ્ઞાનને કારણે જીવન સરળ બની ગયું છે તેમ છતાં અખબારો વાંચશો તો આપઘાતનાં કરૂણ બનાવો વધી રહ્યા છે. આપણે સાચી માનવી તરીકે નિસબત દાખવી શકયા નથી. સ્વાર્થ બેજવાબદારી પૈસા પાછળ દોટ આવા અનેક કારણો હોઈ શકે આ માટે ઉપાય છે ઉપચાર છે. શિક્ષણમાં સાચો હેતુ ખરો ધર્મ છે માણમને માણસ બનાવવાનો આપણામાં રહેલા સર્વ અવગુણોને દૂર કરીએ. એ શિક્ષણ દ્વારા જ થઈ શકશે. ઉત્તમ ચરિત્ર ગ્રંથોથી વાતો કહો દરરોજ પ્રાર્થના સભામાં આદર્શ પુસ્તકો વાંચવાની પ્રેરણા આપો મહાપુરૂષોના જીવન કથાઓ કહો. વિદ્યાર્થીઓ ઉપર ખૂબ સારી અસર પડશે. જિંદગીભર આવા પ્રસંગો યાદ રાખશે. કયારેય ખોટું કાર્ય નહિ કરે. એક દૃષ્ટાંત એક પ્રાથમિક શાળામાં શિક્ષકે વાર્તા કહેલી આપણને ભગવાન જોઈ રહ્યો છે. સારૂ કરો કે, ખરાબ તમે એકલા નથી ભગવાન તમારી સાથે છે. એક વિદ્યાર્થીને આ વાર્તા યાદ રહી ગઈ એકવાર ઉનાળામાં તેમના પિતા સાથે ગામ બહાર ગયો. ત્યાં એક વાડી હતી. આંબા ઉપર ચડી જા છોકરો આંબા ઉપર ચડી ગયો પેલી સરસ દેખાય છે તે પાંચ–છ કેરી તોડીને નીચે ફેક હું ઉભો છું લઈ લઈશ પહેલા આજુબાજુ જોઈ લે તને કોઈ જોતું નથીને ? છોકરો થોડીવાર ચૂપ રહ્યો પિતા કહે જલ્દી કર કોઈ જોઈ જશે એ પહેલા કેરી તોડી નીચે ફેક છોકરાએ ઉપર જોયુંને પછી કહ્યું મને કોઈ જુએ છે આ સાંભળી પિતાએ ઝટપટ ઉતરી જવાનું કહ્યું છોકરો નીચે આવ્યો પિતાએ કહ્યું. કોણ જોતું હતું ? અહીં તો કોઈ નથી છોકરો કહે મને ભગવાન જો તો હતો ભગવાન બધું જુએ છે. છોકરો ચોરી કરી શકયો નહિ. આવા સંસ્કાર ઘડતરની વાતોથી કુમળો મન ઉપર સારા સંસ્કાર પડે છે. ઘરમાં – શાળામાં સૌ પ્રથમ સંસ્કાર ઘડતરનું કામ થવુ જોઈએ અને સંસ્કાર સાચી મૂડી છે. અંગ્રેજીમાં એક સુવાકય છે : IF you got all wealth in the world and the lose the soul is it worth having ? ફુલ ખીલીને બીજાને સુવાસ આપે છે દીપ જલીને પ્રકાશ આપે છે. એક સરસ માનવજીવન આપણને મળ્યું છે આપણે શું કરવું જોઈએ ? માણસ ઉડતા શીખ્યો. અમુકમાં દૂર અંદર ડુબતા શીખ્યો. પણ માણસ બનવાનું શીખ્યો નહિ. આ માટે શિક્ષણ પાસે માણસને માણસ બનાવે તેવી અપેક્ષા છે. (અપૂર્ણ)

'સમજણ એ જ નારાયણ'

''ભીંતો ચણાઈ ગઈ છે, અહીં સૌની આસપાસ રસ્તાને જોડતા કોઇ રસ્તા નથી હવે !''

– સાદિક કાદરી

યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

બદલાતાં સમય, જીવન ધોરણ અને માધ્યમોને હિસાબે સમાજની લાઈફ સ્ટાઈલ, વર્તણુંક, રહેણીકરણી, ધારણાઓ અને વિચારશરણીમાં બહુ ટૂંક સમયમાં જ ખૂબ મોટું પરિવર્તન આવી ગયું છે. (અને હજુ સતત આવશે !) આર્થિક ઉપાર્જન માટે, બાળકોનાં અભ્યાસ માટે, અંગત ધારણાઓ અને માન્યતાઓને લઈને, વધારે પ્રગતિ માટે કે પછી અંગત વિચારોને કારણે, આવાં અનેક પરિબળોને ફળ સ્વરૂપે હવે ગામડાઓ ભાંગી રહ્યાં છે, સંયુકત કુટુંબ પ્રથાનાં મૂળ હચમચી ગયાં છે. આપણી સંસ્કૃતિનાં મુળ ગણાય એવાં આ પાયાનાં જ બે પરિબળો ઉપર બહુ મોટો વ્રજઘાત થતાં સંપૂર્ણ સમાજ ઉપર, સમાજ વ્યવસ્થા ઉપર આની બહુ મોટી (કુ) અસર પણ વર્તાઈ રહી છે પરિવર્તન જરૂરી જ છે, સમય સાથે સૌને આગળ વધવાની તક મળે, સૌનો વિકાસ થાય એ સમગ્ર સમાજ માટે ખૂબ જ આવશ્યક બાબત છે, પણ માણસ પાયાની વાત એ ભૂલી જાય છે કે દરેક હકની સાથોસાથ અનેક જવાબદારીઓ પણ જોડાયેલી હોય છે ! હકની શોભા ત્યારે જ જળવાઈ રહે જયારે જવાબદારીઓનું પણ વહન થતું રહે !ગામડું આપણી સંસ્કૃતિનો પાયો રહ્યો છે, તમે પાયાને ખોખલો કરીને પ્રગતિની ઈમારત કયારેય ન ચણી શકો તો સંયુકત કુટુંબ પ્રથા જ આપણાં સમાજનાં ઉત્થાનનો આધારસ્તંભ હતી. દરેક વ્યકિતને સંયુકત પરિવારમાં હેત, તાલીમ અને સમાનતાથી જીવન જીવવાની તક, અવસર પૂરો પાડતી આપણી મહત્વની પ્રથા તૂટી રહી છે, અને છતાં સમાજ એને સહર્ષ અપનાવી રહ્યા છે, આ પણ બહુ મોટી ચિંતા અને ચિતનનો વિષય છે. દાદા–દાદીનો ખોળો, માતા–પિતા, સહજ, સરળ અને સાચી રીતે થઈ જતો, જે આજની પેઢી ગુમાવી રહી છે, જવાબદારીઓ વહેંચાઈ જતી તેથી અનેક પ્રશ્નો હળવા થઈ જતાં. હવે તો શહેરીકરણ થયું, સંયુકત કુટુંબ પ્રથાઓ તૂટી વિચારો બદલાયા મન ટૂંકા થયા એટલે મતભેદો પણ વધ્યાં માણસ માત્ર પોતાના જ ફાયદાનું વિચારતો રહ્યો છે, અને એટલે જ સમાજમાં અનેક સમસ્યાઓ ઉભી થઈ. મોબાઈલ યુગ આવતાં તેના ગેર ઉપયોગો વધ્યા, માણસ એકાંકી, સ્વચ્છંદ,અને તામસી બન્યો, દીકરીનાં ઘરમાં મોબાઈલે એવી રીતે પીયર પક્ષનો પ્રવેશ કરાવ્યો કે ઘણી વખત તો કોણ સાસરે આવ્યું છે એ જ નકકી ન સમાપનમાં શ્યામ સાધુનો શેર સાંભળે કે : ત્યારે ચેતવુ ખુબ જરૂરી છે.

''માત્ર મળીએ એટલો સંબંધ છે,દ્વાર ખુલ્લા છે અને ઘર બંધ છે !''

હરસ–મસા–ભગંદર–ફીશર રોગો વિશે અને તેનાથી બચવા સોનેરી સૂચનો – પરેજી અને સારવાર

આપણા ગુજરાતીમાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા. જો તમારૂ શરીર નરવું હશે તો તમામ સુખ તમારા દાસ છે. આજે પાઈલ્સ ડે નિમિતે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ પ્રોકટોલોજીસ્ટ મળ માર્ગના નિષ્ણાંત રાજકોટના એસ્ટ્રોન ચોકમાં આવેલ ડો. વેકરીયા પાઈલ્સ હોસ્પિટલના સુપ્રસિધ્ધ ડો. વેકરીયા આજે વર્લ્ડ પાઈલ્સ ડે નિમીતે પાઈલ્સ હરસ, મસા–પાઈલ્સ વિષે આપણને વિશેષ સવિસ્તાર તેના થવાના કારણો, તેના લક્ષણો, હરસથી બચવાના અને ન થાય તે માટેની પરેજી, તેની વૈજ્ઞાનિક સચોટ સારવાર અને હરસની સારવાર માટે આપણા માનસમા પ્રવર્તી રહેલી પ્રચલિત ગેરમાન્યતા, અંધશ્રધ્ધા વિશે સચોટ માહિતી આપશે. ડો. એમ.વી. વેકરીયા સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અતિઆધુનિક ટેકનોલોજી અમેરીકન અલ્ટ્રાસોનીક હાર્મોનીક ફોકસ, યુરોપિયન એડવાન્સ્ડ લેસોટ્રોનીકસ લેસર, જર્મન ઈન્ફારેડ કોએગ્યુલેશન (આઈ.આર.સી.) જાપાનીઝ હેલ–સ્ટેપલર, વેસલ સીલર, ક્ષારસૂત્ર જેવી હરસ માટેની ટેકનોલોજીનો આવિષ્કાર કરી રાજકોટ શહેરનું ગૌરવ વધારેલ છે.

હરસ મસા એટલે શું ? આપણા મળમાર્ગમાં રહેલી લોહીની નળીઓ રોજ બરોજ કબજીયાતના પ્રેશરના કારણે તેમજ લાઈફ સ્ટાઈલ

ડૉ. એમ. વી. વેકરીયા

તેમજ વારસાગતને કારણે ત્યાંની મળ માર્ગની ત્વચા–મ્યુકોઝાની નીચે રહેલી લોહીની નળીઓ ફુલાઈને ગંઠો આચળ જેવું જે બને તેને હરસ કહેવામાં આવે છે. હરસ મસા એ મળમાર્ગમાં થતો અતિકષ્ટકાયક વ્યાધિ છે. જેમાં ખાસ કરીને અસહ્ય દુઃખાવો, બળતરા તથા લોહી પડે છે. આ આચળ ગઠાને આપણે ગુજરાતીમાં હરસ મસા–હીન્દીમાં બવાસીર–સંસ્કૃતમાં અર્શ અંગ્રેજીમાં પાઈલ્સ મેડીકલમાં હેમોરોઈડસ લેટીનામાં પીલા કહેવાય છે.**હરસ થવાના કારણો :** કબજીયાતને સર્વે રોગની જનની માતા કહી છે. હરસ થવામાં પણ મુખ્ય કારણ કબજીયાત છે. તેથી પહેલા તો કબજીયાત કરે તેવા આહારવિહાર છોડવા, બંધ કરવા. આજની લાઈફસ્ટાઈલ, મળમાર્ગના રોગોને નોતરે છે. પ્રવાહી, છાશ, દૂધ, પાણી, ફુટ, સુપ, જયુસ વધારે લેવા. તેમજ પાન, બીડી, તમાકુ, કાકી બંધ કરવા. કબજીયાત કરે તેવો આહાર તેમજ તીખું, તળેલું તમતમતું અને મસાલાવાળો ખોરાક ઓછો લેવો, ખોરાકની અનિયમિતતા, ફાઈબરલેસ ડાયેટ અને ફાસ્ટ ફુડ, જંકફુડનું વધતુ જતુ પ્રમાણ, બેઠાડુ જીવન, કસરતનો અભાવ, ચિંતા, ક્રોધ અને ઉજાગરા, સંડાસમાં અતિશય જોર કરવાની ટેવ, વારંવાર સંડાસ જવાની ટેવ, તેમજ વારંવાર ઝાડા અને મરડો થવો. લેડીઝમાં પ્રેગ્નેન્સી દરમ્યાન તેમજ વારસાગત અને આપણા શરીરનુ બંધારણ, ફિઝીયોલોજી, ગ્રેવીટેશન વગેરે કારણોથી હરસ થાય છે.

હરસ–ફીશર ભગંદરમાં જોવા મળતા સામાન્ય લક્ષણો :મળ ત્યાગ વખતે મળમાર્ગમાં દુઃખાવો, બળતરા અથવા રકતસ્ત્રાવ થવો. સંડાસ જતી વખતે આચળ જેવો કંઈક બહાર નીકળવો. કાયમી કબજીયાત, ગેસ ટૂબલ, અપચો રહેવો. બેસવામાં તકલીફ થવી. દુઃખાવો થવો. મળ માર્ગમાં ખંજવાળ આવવી, રસી નીકળ વા, ચીકાશ આવવી કે ભીનું લાગવું. વારંવાર મળમાર્ગની આસપાસ ગડગુમડ જેવું થઈને રસી નીકળવી. વારંવાર મરડો અથવા ઝાડા થવા. સંડાસ માટે કાયમી જુલાબ કે રેચક દવા લેવાની જરૂર પડે છે. ભુખ ન લાગવી, જમ્યા પછી પેટમાં ભારે લાગવું, ગેસ ટ્રબલ રહેવી, શરીર ફીકકુ રહે, શરીર આખું દુઃખે, પીડીમાં કે કમરમાં દુઃખાવો રહેવો. મળત્યાગ કંટ્રોલ ન હોવો, લાંબા સમયે મળમાર્ગ નબળો પડવો.

હરસ–મસા ભગંદર, ફીશર ન થાય તે માટે સોનેરી સૂચનો : જરૂરી પરેજી :

ખીચડી, કઢી, રોટલી, શાક, મગનું શાક, કઠોળ, કચુંબર, દાળ ઢોકળી, ખાંખરા, પાત્રા લેવા. ઊંધીયુ, લસણીયા બટેટા, ભરેલા મરચા, રગડા પેટીશ, અથાણુ, બાજરીનો રોટલો, ફાસ્ટ ફુડ, ગાંઠીયા જેવો ખરાક ટાળવો. મળમાર્ગના રોગો માટે જવાબદાર એવી કબજીયાતને અવગણશો નહીં. કાયમ કોઈ પણ જાતના જુલાબ કે રેચક દવા લેવી એ અત્યંત હાનિકારક છે. કુદરતી હાજતના વેગને ગમે તેવા સંજોગોમાં રોકશો નહીં. બિનજરૂરી ઉજાગરા, ચિંતા, ટેન્શન ન લેવું.ભુખ લાગે ત્યારે ફળ અને શાકભાજી સુપાચ્ય આહાર પૂરતા પ્રવાહી સાથે લેવાથી કબજીયાત અટકે છે. ઉકાળેલું કે ફીલ્ટર કરેલું પાણી રાત્રે સુતા પહેલા બે ગ્લાસ અને સવારે ઉઠીને નરણા કોઠે બે ગ્લાસ પીવું. દરરોજ સવારે એક વખત સંડાસ જવાની નિયમિત ટેવ પાડવી. સંડાસ જતા જોર ન કરવું, ઉંડા ાસોાસ લેવા. થોડો સમય બેસવું. ઉતાવળ ન કરવી. દરરોજ સવારે બે થી ત્રણ કિલોમીટર ચાલવું. વધુ પડતો તીખો–તળેલો, ચીકણો, બેકરીનો અને કબજીયાત કરે તેવો ભારે આહાર લેશો નહીં. પાન, બીડી, તમાકુ, સોપારી, જદાઁ, દારૂ લેવા નહીં. ઝાડો ચીકાશ વગર, બંધાયેલો કોઈપણ જાતની બળ તરા કે દુઃખાવા વિના સંતોષપૂર્વક થાય એ સ્વાસ્થ્યની નિશાની છે. મળમાર્ગમાં રકતસ્ત્રાવ, દુઃખાવો, બળતરા, ખંજવાળ આવે અથવા મળમાર્ગની આસપાસ ફોલ્લા અથવા ગડગૂંમડ થાય, રસી આવે, ચીકાશ આવે અથવા મળત્યાગ સમયે કોઈ ભાગ દેખાય તો તુરત નિષ્ણાંત ડોકટરની સલાહ લેવી જોઈએ.**હરસ–મસા (પાઈલ્સ) ની સરળ – સચોટ વૈજ્ઞાનિક સારવાર :** એડવાન્સ ટેકનોલોજી ફોર પ્રોકટોલોજી.એડવાન્સ સાયન્સ પ્રમાણે નવીનવી ટેકનોલોજી દ્વારા સારવાર થાય છે. જેમાં હાલની સૌથી એડવાન્સ ટેકનોલોજી આ પ્રમાણે છે.

અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ (ઈથીકોન કંપની અમેરીકા) : અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ સ્કાલપેલ ટોટલી ઓટોમેટીક મશીન છે. જેની ડીઝાઈન એકદમ કોમ્પેકટ છે. તેમાં એવો કોમ્પ્યુરાઈઝડ સોફટવેર પ્રોગામ છે. જેમાં કોઈ નવા રિસર્ચ ભવિષ્યમાં થાય તો તે સોફટવેર પ્રોગામ તેમા અપડેટ થઈ શકે છે. એકદમ પરફેકટ અને માઈકો ડિસેકશન થઈ શકે છે. લાર્જ વેસલ–લોહીની નળીને પણ સીલીંગ કેપેસીટી ધરાવે છે. આ મશીન ટચ સ્કીનથી ઓપરેટ થાય છે. આ મશીનના મુખ્ય ફાયદા એ છે કે તેમાં અલ્ટ્રાસોનીક દ્વારા સીલીંગ સાથે જ કટીંગ કરે છે. તેમાં ઈલેકટ્રીસીટીનો ઉપયોગ ન થતો હોવાથી બીજી બધી જ ટેકનોલોજી કરતા આજુબાજુના ટીસ્યુ મ્યુકોઝા ચામડીને નહીવત ડેમેજ કરે છે, જેથી બ્લડ લોસ અને બર્નીંગ નહીવત થાય છે. અને હીલીંગ ઝડપથી થાય છે. બેભાન કરવાની કે દાખલ થવાની જરૂર પડતી નથી.આ

અમરેલીમાં સાસુ-વહુની 'અથાણાં ઉદ્યોગ'ની સફળતા કથા : ઘરથી શરૂ થયેલો વ્યવસાય આજે દેશભરમાં મોગરાંપણે ફેલાયો

અમરેલી જિલ્લામાં મહિલાઓ હવે માત્ર ઘરના કાર્યો પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ આત્મ નિર્ભરતા તરફ આગળ વધીને સફળ બિઝનેસ વુમન તરીકે ઉભરી રહી છે. ખાસ કરીને અમરેલી શહેરની સાસુ–વહુ કવિતાબેન અને દિપાલીબેન ઝિંઝુવાડીયાએ ઘરેથી શરૂ કરેલો અથાણાંનો વ્યવસાય આજે જિલ્લામાં લાખ્ખો રૂપિયાની કમાણી કરતો એક સફળ મોડેલ બની ગયો છે. છેલ્લા ૧૫ વર્ષથી તેઓ વિવિધ સ્વાદમાં બનેલા અથાણાં સમગ્ર દેશમાં સપ્લાય કરી રહ્યા છે. કવિતાબેન ઝિંઝુવાડીયા જણાવે છે કે તેઓ ગ્રેજ્યુએશન સુધી અભ્યાસ કરી ચૂક્યા છે અને ૫૦ વર્ષની ઉમરે પણ તનમનથી વ્યવસાયમાં જોડાયેલા છે. ''અમારી પાસે કોઈપણ પ્રકારના પ્રેઝર્વેટિવનો ઉપયોગ કરવામાં આવતો નથી અને શુદ્ધ ઘરેલું પદ્ધતિથી કેરી, લસણ અને લીંબુના અથાણાં તૈયાર કરવામાં આવે છે. શુદ્ધતા અને ટેસ્ટને કારણે ગ્રાહકોનું વિશ્વાસ વર્ષોથી ટકયું છે,'' એમ કવિતાબેન કહે છે. દિપાલીબેન ઝિંઝુવાડીયા જેઓ પણ ગ્રેજ્યુએટ છે, હાલમાં અમરેલી શહેરના ચિતલ રોડ વિસ્તારમાં રહે છે. તેઓ જણાવે છે કે પોતાની સાસુ પાસેથી અથાણું બનાવવા શીખ્યા હતા. ''આજે અમે બંને મળીને ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી વ્યવસાય સંચાલિત કરીએ છીએ. અમારી પાસે ચિતલ રોડ પર સ્વતંત્ર શોપ પણ શરૂ કરી છે, જયાં રોજ ઘણા ગ્રાહકો ખરીદી માટે આવે છે,'' એમ દિપાલીબેન ઉમેરે છે. તેઓ આગળ જણાવે છે કે ઉત્તમ ગુણવત્તાની કેરી, લીંબુ અને લસણ સીધા જ ખેડૂતો પાસેથી લાવવામાં આવે છે. ત્યારબાદ ઘરમાં પરંપરાગત રીતથી અથાણું તૈયાર કરવામાં આવે છે અને તેને ૫૦૦ ગ્રામ તથા ૧ કિલોના પેકમાં સીલપેક કરીને વેચાણ કરવામાં આવે છે. ''આજના સમયમાં ડિજિટલ પ્લેટફોર્મ ખૂબ મહત્વનાં બન્યાં છે. અમે અમારી વેબસાઈટ, સોશિયલ મીડિયા અને મોબાઈલ ઓર્ડર દ્વારા આખા દેશમાં ડિલિવરી કરીએ છીએ,'' દિપાલીબેન જણાવે છે. વેચાણની વાત કરીએ તો મહિને ૩૦૦ થી ૪૦૦ કિલો અથાણાંનું વેચાણ થાય છે. એક કિલો અથાણાંનો ભાવ ૫૦૦ થી ૬૦૦ મળે છે, જેના કારણે મહિને લગભગ બે લાખથી વધુની આવક થઈ રહે છે. સતત વધી રહેલા ગ્રાહકો અને ઉત્તમ પ્રતિસાદને કારણે તેઓ ભવિષ્યમાં પ્રોડકશન વધારવાનું અને નવા ફલેવર રજૂ કરવાની યોજનાઓ પણ ધરાવે છે. અથાણાંનો વ્યવસાય અમરેલીની આ સાસુ–વહુ માટે માત્ર આવકનું સાધન નથી, પરંતુ મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત પણ છે કે યોગ્ય ઈચ્છાશકિત અને મહેનતથી ઘરેથી પણ એક સફળ બિઝનેસ ઊભો કરી શકાય છે. આ બંને મહિલાઓએ સાબિત કર્યું છે કે ગ્રામ્ય અને શહેરી મહિલાઓ માટે આત્મનિર્ભરતા હવે માત્ર સ્વપ્ન નથી વાસ્તવિકતા છે.

આવતીકાલથી ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

રાજયનાં ખેડૂતો પાસેથી ટેકાનાં ભાવે ડાંગર, બાજરી, જુવારની થશે ખરીદી

ભાજપ કિસાન મોરચા દ્વારા આવકાર

અમરેલી, તા. ૨૨

સોમવાર તા. ૨૪ નવેમ્બરથી રાજય સરકાર ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫–૨૬ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ધરતીપુત્રો પ્રત્યે સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવીને રૂપિયા ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ તાજેતરમાં વરસાદથી થયેલા નુકસાનમાંથી ખેડૂતોને બેઠા કરવા આપેલું છે.

હવે તેમણે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫–૨૬ અન્વયે બાજરી, જુવાર, મકાઈ અને રાગીની સીધી ખરીદીનો ખેડૂત અને ગરીબ કલ્યાણલક્ષી નિર્ણય કર્યો છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટમાં આજાહેરાત કરતા કહ્યું કે, ડાંગર માટે પ્રતિ હેકટર ૧૫૦૦ કિલોગ્રામ ડાંગરનો જથ્થો નોંધણી થયેલા ધરતીપુત્રો પાસેથી ખરીદ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, સોમવાર ૨૪ નવેમ્બરથી આગામી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજયભરમાં ૧૧૩ ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાજરી માટે ૧૫૦, જુવાર માટે ૫૦, મકાઈ માટે ૮૨ અને રાગી માટે ૧૯ નિયત કેન્દ્ર પરથી ખરીદી થશે.

કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આ ખરીદી અન્વયે બાજરી હેકટરદીઠ ૧૮૪૮ કિલોગ્રામ, જુવાર પ્રતિ હેકટર ૧૫૩૯ કિલોગ્રામ, મકાઈ હેકટર દીઠ ૧૮૬૪ કિલો અને રાગી હેકટર દીઠ ૧૯૦૩ કિલોગ્રામ પ્રમાણે ખરીદી થશે.

કેન્દ્ર સરકાર દ્વારા કિવન્ટલ દીઠ ખરીદીના જે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરાયા છે. તેમાં ડાંગર માટે કિવન્ટલ દીઠ ૨૩૬૯ અને ૨૩૮૯, બાજરીના ૩૦૭૫, જુવાર (હાઈબ્રીડ)ના ૩૯૯૯, જુવાર (માલદંડી)ના ૪૦૪૯, મકાઈના ૨૪૦૦ અને રાગી માટે ૫૧૮૬ ભાવ રહશે.

ટેકાના ભાવે વિશાળ જથ્થામાં આવી જણસીઓ ખરીદીને રાજયના એનએફએસએ અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ આવરી લેવાયેલા ૭૪ લાખ પરિવારોના ૩.૬૦ કરોડ લોકોને વિનામૂલ્યે વિતરણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ ખેડૂત અને ગરીબ હિતકારી નિર્ણય માટે અન્ન નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ પણ તેમનો આભાર માન્યો છે. આમ આ નિર્ણયથી ગુજરાતના ખેડૂતોને ફાયદો થશે તેમ ગુજરાત ભાજપ કીસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેશભાઈ પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરા પ્રદેશ મહામંત્રી સરદારભાઈ ચૌધરી એ નિર્ણય આવકારીને અભિનંદન પાઠવ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું

જાફરાબાદનાં વોર્ડ નં.–૭માં

ચુંટાયેલા સભ્યો દ્વારા દુર કરવા આવેલ ઘણા વર્ષોથી પીવાના પાણીની માંગ કરતા રહીશો દ્વારા આજે નગર પાલિકાના સદસ્ય હમીદાબેન સૈયદ અશફાક ભટ્ટી, પરષોત્તમ બારીયા દ્વારા પ્રમુખ રવિનાબેન પ્રફુલભાઈ બારૈયાને રૂબરૂ મળી આ વિસ્તારના પાણી બાબતે ચર્ચા કરતા તેઓએ તાત્કાલિક ધોરણે વોર્ડ નંબરના રહીશો પાણી માટે વલખા મારી રહ્યા હોય અને પાણી એ બંધારણીય અધિકાર હોય જે પ્રશ્ન છેલ્લા ઘણા વર્ષોથી વોર્ડ નંબરના રહીશો પાણી વિહોણા બન્યા હોય તે પ્રશ્નો ને દુર કરવા માટે પ્રમુખ દ્વારા યુદ્ધના ધોરણે પાઈપ લાઈન નખાવી ઘરે ઘરે ૩૦ કનેકશન મકાનોમાં નળ આપવામાં આવ્યા નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત પીવાના પાણીના કલેકશન આપીને વર્ષોથી વોર્ડ નંબર–૭ની જનતાનો પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં આવતા અહીંના રહીશો દ્વારા ખુશીની લાગણી જોવા મળી હતી તેમજ સદસ્ય દ્વારા રૂબરૂ ઘરે–ઘરે જઈને પાણી કનેકશનના પૈસા ભરાવીને નળ કનેકશન આપવામાં સહયોગ આપ્યો તેમજ વર્ષોથી અંધારપટ છવાયેલો રહેતો હોય અહીં ઘણા સમયથી દિપડાની પણ દેખાદેખી હોય તે પણ વર્ષની સમસ્યા સ્ટ્રીટ લાઈટ ન હોવાથી તે પણ પ્રમુખ દ્વારા વિસ્તારની વિજીટ કરી તે છવાયેલો અંધારપટ પણ દુર કરવા માટે યુધ્ધના ધોરણે કામગીરી ચાલુ કરવામાં આવી છે. વોર્ડ નંબર–૭ના નાગરિકોની વર્ષોની સમસ્યાનો અંત લાવવામાં આવતા અહીંના સદસ્યો અને પ્રમુખો વોર્ડ નંબર–૭ના રહીશો દ્વારા આભાર માન્યો હતો તેમજ વોર્ડ નંબર–૭ના ચુંટાયેલા સભ્યો દ્વારા પણ લોકોને પડતી સમસ્યાનો નિકાલ કરવા માટે અથાક પ્રયત્નો કરી રહ્યા છે. અને ખરા અર્થમાં સભ્યોની કામગીરી બજાવી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

સાવરકુંડલા ખાતે ઐતિહાસિક યુનિટી માર્ચ

આપ્યા હતા, જેણે યાત્રાને આધ્યાત્મિક અને સામાજિક એકતાનું સ્વરૂપ આપ્યું હતું. સરદાર પટેલ સોસાયટી વાડી ખાતેથી 'એકતાના સૂત્ર' સાથે આ યુનિટી માર્ચનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

'જય સરદાર'ના નાદથી ગુંજયો શહેર માર્ગ : પદયાત્રાનો કાફલો શહેરના મુખ્ય માર્ગો જેવા કે ગોપાલદાસ બાપુની ઝૂંપડી (કોચિંગ પાસે), સરદાર પટેલ સોસાયટી, પોલીસ સ્ટેશન, જૈન બોર્ડિંગ અને હોમગાર્ડ કચેરી જેવા વિસ્તારોમાંથી પસાર થયો હતો. સમગ્ર માર્ગ પર ' એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને ' સરદાર પટેલ અમર રહો' ના ગગનભેદી નારાઓ ગુંજી ઉઠ્યા હતા. મોટી સંખ્યામાં નગરજનો હાથમાં તિરંગા સાથે આ યાત્રામાં જોડાયા હતા અને સરદાર સાહેબને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઐતિહાસિક જાહેરાત આ પ્રસંગે, ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ભાવુકતા સાથે કહ્યું હતું કે, 'આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આપણા શહેરમાં એક પણ જાહેર જગ્યાએ 'સરદાર સાહેબ'ની પ્રતિમા ન હોવી, એ આપણું દુર્ભાગ્ય છે.'તેમણે આ સંકલ્પને પૂર્ણ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ કે. કે. હાઈસ્કૂલ અને મહિલા કોલેજ પાસે સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા સાથે નવો 'સરદાર ચોક' બનાવવામાં આવશે. તેમની આ જાહેરાતને નગરજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

રાષ્ટ્રનિર્માણમાં જોડાવાની હાકલ : યાત્રા દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરદાર સાહેબના દેશની એકતા અને અખંડિતતા માટેના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું. તેમણે યુવાનોને રાષ્ટ્રનિર્માણના આ પવિત્ર કાર્યમાં સક્રિયપણે જોડાવા અને સરદાર સાહેબના આદર્શોને જીવનમાં ઉતારવા હાકલ કરી હતી. યાત્રાનું સમાપન સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે થયું હતું, જયાં સંતો અને મહંતો દ્વારા સૌ નાગરિકોને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિએ આ યુનિટી માર્ચને સાવરકુંડલાના ઈતિહાસની એક યાદગાર ઘટના બનાવી દીધી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં કપાસ અને મગફળીનાં

મુશ્કેલીમાં મુકાયા છે. વરસાદ પડવાને કારણે કપાસ પીળો પડવાના કારણે ભાવ નથી મળતા સરકાર દ્વારા યોગ્ય ટેકાના ભાવે આ કપાસ ખરીદવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સારા ગુણવત્તાવાળા કપાસનો ભાવ સામાન્ય રીતે ૧૫૦૦ પ્રતિ ૨૦ કિલો સુધી મળે છે, પરંતુ આ વર્ષે પાકમાં પડેલા રોગચાળો, સડો–ડંખ, પીળાશ અને ગુણવત્તામાં ઘટાડાના કારણે ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય મૂલ્ય મળતું નથી. સમયસર અને સતત પડેલા અણધારી વરસાદના કારણે કપાસની ફૂલ તથા બોળા ખરાબ થઈ ગયા છે, જેના કારણે ઉત્પાદન ઘટયું છે અને ગુણવત્તા પર અસર પડી છે. ઘણા ખેડૂતો જણાવે છે કે પાકમાં લગભગ ૩૦ થી ૪૦ ટકા સુધીનું નુકસાન થયું છે, જેના કારણે તેમને ખર્ચ પણ નીકળતો નથી.

કપાસ મુખ્યત્વે ખેડૂતોની આવકનો મુખ્ય આધાર હોય છે, પરંતુ આ વર્ષે નીચા ભાવ અને નુકસાનકારક હવામાનની અસરથી ખેતી વ્યવસાયમાં મુશ્કેલીઓ વધતી જઈ રહી છે. કેટલાક ખેડૂતો તો બેન્કના હપ્તા અને ખાતર–બિયારણના ખર્ચ કેવી રીતે પુરા થાય તેની ચિંતા વ્યકત કરી રહ્યા છે.

ખેડૂતોમાં સરકાર પાસેથી વળતર, ભાવ આધાર અને યાર્ડમાં ગુણવત્તાનુ યોગ્ય મૂલ્યાંકન મળવાની માંગ ઉઠી રહી છે. ખેડૂત વર્ગનું કહેવું છે કે જો આવી સ્થિતિ યથાવત રહેશે તો આગામી સિઝનમાં વાવેતરનો વિસ્તાર ઘટી શકે છે. કુલ મળીને, અમરેલી જિલ્લામાં આ વર્ષે કપાસની સિઝન ખેડૂતો માટે ભારે નુકસાન અને મુશ્કેલીઓ સાથે પસાર થઈ રહી છે.

મગફળી

અમરેલી જિલ્લામાં મગફળીની આવક ચરમસીમાએ છે. અમરેલી અને સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડોમાં મગફળીના ઢગલા છલકાઈ રહ્યા છે, ખેડૂતો સવારથી સાંજ સુધી પોતાનો પાક વેચવા માટે યાર્ડમાં ઉમટી રહ્યા છે. પરંતુ, એટલી મોટી આવક વચ્ચે ખેડૂતોના ચહેરે ખુશીના બદલે ચિંતા અને હતાશા વધુ જોવા મળી રહી છે. કારણ છે ખુલ્લા બજારમાં મળતા ઓછા ભાવ, જે ટેકાના ભાવે કરતાં ૫૦૦ થી ૬૦૦ રૂપિયા સુધી ઓછા છે.

સરકાર દ્વારા મગફળીનો ટેકાનો ભાવ ૧૪૫૨ નક્કી કરાયો છે, જેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુ છે. પરંતુ અમરેલી અને સાવરકુંડલા યાર્ડની જાહેર હરરાજીમાં ખેડૂતોને ફકત ૮૦૦ થી ૧૦૦૦ વચ્ચેના ભાવ મળતા હોવાનો રોષ ખેડૂતો દ્વારા વ્યકત કરવામાં આવી રહ્યો છે. મોંઘા દાટ, ઊંચી કિંમતના બિયારણ, ખાતર અને સતત ચાર મહિનાની કાળી મહેનત બાદ મળતા આવા ભાવ ખેતીને નુકસાનકારક સાબિત થઈ રહ્યા છે.

મગફળીના કેટલાંક ખેતરોમાં આ સિઝને કમોસમી વરસાદે પાકને મોટાપાયે નુકસાન પહોંચાડયું હતું. જેના કારણે ગુણવત્તા પર અસર પડી અને ખુલ્લા બજારમાં મગફળીના ભાવ તૂટયા.

ખેડૂત ધનજીભાઈ પાનસેરીયા (નેસડી) જણાવે છે કે ' યાર્ડમાં ભાવો એટલા ઓછા છે કે ખર્ચ પણ ઊગતો નથી. સરકાર ૧૪૫૨ ટેકાનો ભાવ આપે છે, પણ યાર્ડમાં ૯૦૦ સુધી ભાવ આવે તો ખેડૂત શું કરે ?'

તે જ રીતે કિશોરભાઈ જાદવ (અભરામપરા) પણ આ સમસ્યાને ચિંતાજનક ગણાવતા કહે છે કે, 'ખેડૂતની મજદૂરી, ખાતર, બિયારણ બધું મોંઘું થયું છે. પરંતુ પાક તૈયાર થાય ત્યારે જ ભાવ તૂટી જાય છે. આખી સીઝનનો ભાર પાક વેચતી વખતે ખેડૂત પર પડી જાય છે.'

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી મુકેશ ત્રિવેદી જણાવે છે કે, 'અમરેલી અને સાવરકુંડલા સહિતના યાર્ડોમાં ૩૫ હજાર મણથી ૫૦ હજાર મણ સુધી મગફળીની આવક થઈ રહી છે. લગ્નગાળાની શરૂઆતને કારણે થોડા દિવસોથી આવકમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ હાલ ખેડૂતોને ગુણવત્તા પ્રમાણે જ ભાવ મળી રહ્યો છે.'

તેમણે ઉમેર્યું કે ટેકાના ભાવે સરકાર ખરીદી કરી રહી છે, પરંતુ દરેક ખેડૂતોને ટેકાના ભાવ મળી રહે તે માટે ગુણવત્તા, ભેજ અને અન્ય માપદંડો જરૂરી છે.

એક તરફ ટેકાના ભાવ ૧૪૫૨ હોવા છતાં, યાર્ડમાં મળતા ૯૦૦–૧૦૦૦ના ભાવ ખેડૂતોને ૪૦૦–૫૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલોનું નુકસાન કરાવી રહ્યા છે. ખેડૂતોના કહેવા મુજબ હાલની પરિસ્થિતિમાં સરકાર ટેકાના ભાવે મગફળીની ખરીદીની મર્યાદા વધારશે, નોર્મસમાં થોડો નરમ વલણ અપનાવશે તો ખેડૂતોને સીધી રાહત મળી શકે.

મગફળીની આ સિઝનમાં ખેડૂતોને થયેલા નુકસાન વચ્ચે, અમરેલી જિલ્લાની આ સ્થિતિ સરકારના ધ્યાન ખેંચે અને ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે તેવી રાજયના ખેડૂતોની માંગ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૭૨૫	૧૨૦૩
૨	શિંગ ૬૬ નંબર	૮૦૦	૧૩૭૦
૩	ગીરનાર શીંગ	૯૨૦	૧૩૧૦
૪	શિંગ મોટી	૭૧૦	૧૩૯૦
૫	શિંગદાણા	૯૦૦	૧૩૧૮
૬	તલ સફેદ	૧૩૯૦	૨૮૦૦
૭	તલ કાળા	૨૫૦૦	૫૮૨૫
૮	તલ કાશ્મીરી	૨૨૪૫	૨૪૦૦
૯	બાજરો	૩૧૦	૫૩૧
૧૦	જુવાર	૭૫૦	૯૩૦
૧૧	ઘઉં ટુકડા	૫૦૫	૬૨૫
૧૨	ઘઉં લોકવન	૫૦૭	૫૭૦
૧૩	અડદ	૭૨૦	૯૦૦
૧૪	ચણા	૮૦૦	૧૧૨૦
૧૫	ચણા દેશી	૧૧૬૫	૧૧૬૫
૧૬	સફેદ ચણા	૯૯૪	૧૧૦૧
૧૭	છોલે ચણા	૧૩૭૫	૧૪૦૦
૧૮	ચોળી	૬૨૦	૧૦૩૫
૧૯	કપાસ	૧૦૦૦	૧૫૫૦
૨૦	એરંડા	૧૧૩૦	૧૨૯૨
૨૧	જીરૂ	૨૫૦૦	૪૧૮૦
૨૨	ધાણા	૧૪૨૦	૧૫૭૫
૨૩	મેથી	૧૦૦૦	૧૦૪૨
૨૪	સોયાબીન	૭૫૦	૯૯૨
૨૫	રજકાનું બી	૩૦૦૦	૮૭૦૦
૨૬	કાંગ	૫૩૯	૫૩૯

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૯૦	૧૪૫૧
૨	કપાસ સી ગ્રેડ	૯૩૦	૧૦૨૧

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૩૬	૧૫૧૨
૨	કપાસ કોડી	૧૦૧૧	૧૩૨૫
૩	મગફળી	૯૬૧	૧૩૪૪
૪	તુવેર	૧૦૧૦	૧૦૧૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૯૫૦	૧૧૫૦
૨	શીંગ મોટી	૧૦૦૦	૧૪૦૦
૩	તલ સફેદ	૨૦૦૦	૨૨૦૦
૪	તલ કાળા	૫૦૦૦	૫૩૦૦
૫	જીરૂ	૩૬૦૦	૩૯૨૦
૬	કપાસ	૧૦૫૦	૧૫૪૦
૭	ઘઉં લોકવન	૪૫૦	૫૫૫
૮	ઘઉં ટુકડા	૫૦૦	૫૬૦
૯	બાજરો	૩૫૦	૭૩૬
૧૦	જુવાર	૭૦૧	–
૧૧	મગ	૧૫૦૧	–
૧૨	અડદ	૭૫૦	૮૫૮
૧૩	ચણા	૯૦૦	૧૧૧૦
૧૪	મેથી	૮૨૩	–
૧૫	સોયાબીન	૭૪૦	૮૫૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૨૦	૧૫૩૫
૨	કપાસ મીડીયમ	૯૦૦	૧૨૦૦
૩	મગફળી	૧૦૦૫	૧૩૨૫
૪	તલ સફેદ	૧૭૧૫	૨૨૨૫
૫	જીરૂ	૩૨૨૦	૪૦૭૦
૬	ઘઉં	૪૬૫	૫૩૫
૭	ચણા	૯૩૯	૧૧૨૦
૮	અડદ	૯૦૫	૧૨૧૫
૯	સોયાબીન	૮૦૯	૮૪૧

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૨૧૧	૧૪૫૨
૨	કપાસ કોડી	૮૪૬	૧૧૬૧
૩	મગફળી	૭૦૧	૧૨૫૫
૪	ચણા	૯૬૬	૧૦૫૦
૫	જુવાર	૪૦૫	૪૦૫
૬	જીરૂ	૩૦૧૦	૩૦૧૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૯૫૦	૧૫૧૫
૨	ઘઉં લોકવન	૪૬૧	૫૧૫
૩	ઘઉં ટુકડા	૪૯૨	૫૩૪
૪	અડદ	૮૫૧	૯૦૧
૫	કાંગ	૩૯૦	૪૦૦
૬	ચણા	૮૯૧	૧૦૩૫
૭	ધાણા	૧૫૨૧	૧૭૦૧
૮	તુવેર	૪૦૦	૪૧૦
૯	મેથી	૬૦૦	૬૧૦
૧૦	લસણ	૨૫૧	૨૮૫
૧૧	તલ સફેદ	૧૬૯૫	૨૧૩૫
૧૨	સોયાબીન	૫૨૫	૯૧૧
૧૩	સીંગફાડા	૧૦૦૧	૧૧૬૫
૧૪	મગફળી	૮૭૧	૧૦૧૧

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૭૦૦	૧૨૦૦
૨	તલ સફેદ	૧૯૦૧	૧૯૦૧
૩	તલ કાળા	૩૩૦૦	૩૭૦૦
૪	કપાસ	૧૦૦૦	૧૫૦૦
૫	બાજરો	૩૬૮	૫૦૦
૬	ઘઉં ટુકડા	૫૧૦	૫૬૫
૭	જુવાર	૪૫૦	૯૫૧
૮	મગ	૯૦૧	૧૨૦૦
૯	અડદ	૬૦૧	૯૨૬
૧૦	ચણા	૮૫૧	૯૭૧
૧૧	સોયાબીન	૬૦૦	૮૨૫

જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા

ધારી મુકામે ''બેટી બચાવો, બેટી પઢાઓ'' યોજના કાર્યક્રમ અંતર્ગત ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

નિરાધાર દિકરીઓને કીટનું વિતરણ કરાયું

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તાલુકા પંચાયત ધારી મુકામે આશા વર્કર, આંગણવાડી વર્કર, સખી મંડળ ની બહેનો અને વિવિધ વિભાગના અધિકારીઓ માટે 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજના કાર્યક્રમ અંતર્ગત ઓરિએન્ટેશન અને સેન્સિટાઈઝેશન કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી, કણઝરીયા દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાની માહિતી આપવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર મકવાણા દ્વારા આરોગ્ય અને પોષણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્ય સેવિકા આઈ.સી.ડી.એસ જશુબહેન ખાચરે વિભાગની કામગીરી વિશે માહિતી આપી હતી. ડી.સી.પી.યુ સોશિયલ વર્કર ગીતાબેન સોલંકીએ બાળ સુરક્ષા એકમની યોજનાઓ અંગે માહિતી આપી હતી.

જિલ્લા મિશન કો–ઓર્ડિનેટર હસમુખભાઈ રાઠોડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના સેન્ટર એડમિન રત્નાબેનગૌસ્વામી દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. નારી અદાલતના જિલ્લા કો–ઓર્ડિનેટર જશુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં બી.પી.પી યોજના અંતર્ગત નિરાધાર દીકરીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશા વર્કર, આંગણવાડી વર્કર અને સખી મંડળના બહેનોને બેગ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ધારી તાલુક પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળાએ રાજય સરકારની યોજનાઓ અને કાર્યક્રમ અંગે પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે જેન્ડર સ્પેશિયાલિસ્ટ, જાનાબેન ગલચરે આભાર વિધિ કરી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

અમરેલી ખાતે ૭૨માં સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમીનાર યોજાયો

અમરેલી, તા. ૨૧

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને ગુજરાત રાજય સહકારી સંઘ અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લામાં તારીખ ૧૪/૧૧/૨૦૨૫ થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત અમરેલી જીલ્લા સહકારી સંઘ અને સરદાર પટેલ ક્રેડિટ કો ઓપરેટિવ સો લી.ના સંયુકત ઉપક્રમે અમરેલી ખાતે તારીખ ૧૯/૧૧/૨૦૨૫ સહકાર સપ્તાહના છઠ્ઠા દિવસે 'પ્રવાસન, આરોગ્ય, ગ્રીન એનર્જી, પ્લેટફોર્મ કોપ્સ, કિચન કોપ્સ અને અન્ય કોઈ પણ ઊભરતા સંભવિત ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓનું વિસ્તરણ કરવું' પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમરેલી જીલ્લા સંઘના ડાયરેક્ટર જિગ્નેશભાઈ રામાણી, જયભાઈ મસરાણી, યુવા સમિતિના ડાયરેક્ટર રવિભાઈ પંડ્યા, રાજભાઈ જાની, ઘી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. સી.ઈ.ઓ. બી.એસ. કોઠીયા સહકારી અગ્રણીઓ અને સભાસદ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો દ્વારા વિષયને અનુરૂપ ઉદબોધન કરવામાં આવ્યું હતું અને અધ્યક્ષ સ્થાનેથી 'પ્રવાસન, આરોગ્ય, ગ્રીન એનર્જી, પ્લેટફોર્મ કોપ્સ, કિચન કોપ્સ અને અન્ય કોઈ પણ ઊભરતા સંભવિત ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓનું વિસ્તરણ કરવું' બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી. તદુપરાંત જીલ્લા સંઘની કામગીરી અને પ્રશિક્ષણ બાબતે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

ધાંગધ્રા શ્રી સ્વામિનારાયણ આશ્રમ ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

અમરેલી, તા. ૨૨

નીલકંઠ વિદ્યાપીઠ ટ્રસ્ટ (હૈદરાબાદ) સંચાલિત સ્વામિનારાયણ આશ્રમ જેગડવા ચોકડી, ધ્રાંગધ્રા મુકામે પાંચ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. તારીખ ૨૬ થી ૩૦ દરમિયાન યોજાનાર મહોત્સવના પ્રેરક પૂજય સદગુરૂ શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશ દાસજી છે. આ પ્રસંગે હૈદરાબાદથી પધારેલ વિવેકસાગર સ્વામીએ માહિતી આપતા જણાવ્યું કે આ મહોત્સવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો સહિત નાના–મોટા ૨૧૨ સંતોની ઉપસ્થિતિમાં જય યજ્ઞ, સંત સંમેલન, વ્યાખ્યાન માળા, મહાપૂજા ઉપરાંત શ્રીમદ સત્સંગી જીવન કથા હૈદરાબાદ સ્થિત પ્રસિદ્ધ કથાકાર પૂજય હરિદર્શનદાસજી સ્વામીના મુખે સાંભળવાનો લહાવો મળશે. તા. ૨૬ના સવારે સ્વામિનારાયણ આશ્રમથી પોથી યાત્રા કથા સ્થળે મહોત્સવ જશે. નૂતન મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી ગણપતિજી તેમજ શ્રી હનુમાનજીની દિવ્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા પ્રસંગે પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજી મહારાજ આશીર્વાદ આપશે. આ દિવ્ય અને ભવ્ય પ્રસંગે અખિલ ભારતીય સંત સમાજના અધ્યક્ષ મોહનદાસજીબાપુ, દુધરેજના કનીરામદાસજી મહારાજ, મોટા મંદિર લીંબડીના પૂજય મહામંડલેશ્વર લલિતકિશોર શરણદાસજી મહારાજ ઉપરાંત પીપળીધામ, ગેડિયા, દુધઈ, હળવદ, શિયાળી ઉપરાંત ગુજરાત બહાર મુંબઈ, કલકત્તા, હૈદરાબાદથી સત્સંગ સમાજ હાજર રહેશે.

ધારી ખાતે બાળ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું

ચલાલા, તા. ૨૨

બાળ વિજ્ઞાન મેળામાં ધારી તાલુકાની મોટાભાગની સ્કૂલના વિદ્યાર્થીઓએ હર્ષભેર અલગ કૃતિઓ રજૂ કરી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં અશક્ય વસ્તુઓને પણ શક્ય બનાવી શકાય છે જેવી અલગ અલગ કૃતિઓ ધારી તાલુકાના સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. જુદા જુદા પાંચ વિભાગની કુલ પીસ્તાલીસ કૃતીઓ રજુ કરવામા આવી હતી.

આ બાળવિજ્ઞાન મેળામા રાજકીય, સામાજિક આગેવાનો અને વહીવટી તંત્રના તમામ અધિકારીઓ સહિતના મોટી સંખ્યામાં લોકોઆ વિજ્ઞાન મેળામાં ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ માટે પોતાનો રાજીપો વ્યકત કરી શુભકામનાઓ પાઠવી પ્રશંસા વ્યકત કરીહતી.

આ વિજ્ઞાન મેળામાં કૃતિઓ રજૂ કરનાર પ્રથમ દ્વિતીય અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યા હતા. ગામડાઓની શાળાઓના વિદ્યાર્થીઓએ પોતાનુ શ્રેષ્ઠ ફરફોમન્સ દેખાડ્યુ હતુ.

શાખાનાં પુષ્પો

એક રાજય પર દુશ્મનો આક્રમણ કરવા આવતા હતા. આ વાતની રાજાને જાણ થતા તેણે દુશ્મનો પર આક્રમણ કરી જડબાતોડ જવાબ આપવાનો આદેશ આપ્યો. રાજાનો સેનાપતિ અહિંસામાં માનનારો હતો. તેણે આ સંકટ વચ્ચે ભગવાન બુદ્ધને મળીને પૂછ્યું કે, જો યુદ્ધ થશે તો અનેક સૈનિકો મરી જશે. શું આ હિંસા યોગ્ય છે ? ભગવાન બુદ્ધે જવાબ આપ્યો કે, તો એ જણાવ કે જો તું યુદ્ધ નહીં કરે તો દુશ્મનો પાછા ચાલ્યા જશે ? સેનાપતિએ કહ્યું, ના ભગવાન બુદ્ધે કહ્યું, એનો અર્થ એવો થયો કે, તે આપણા દેશમાં આવીને નિર્દોષ નાગરિકોની હત્યા કરશે અને અનાજ, ખેતી અને સંપત્તિ સહિત બધું નષ્ટ કરશે. તો શું એ હિંસા નહી હોય ? જો તમે હિંસાના ભયથી ચૂપ રહ્યા તો દેશના નાગરિકો મૃત્યુ પામશે અને હિંસાનું પાપ તારા પર આવશે.

તૃષાત : શ્રી અર્જુન ગઢિયા
સદ્ગત સ્વર્ગવાસીના સંઘ અમરેલી નિવાસી

સેનાપતિને વાત સમજાય અને યુદ્ધ વડે દુશ્મનોને ભગાડી દીધા.

સોડમ : અહિંસાનો અર્થ નમાલા બનવું નથી. જયારે દેશ પર સંકટ આવે ત્યારે તેની રક્ષા માટે કરેલ હિંસા પણ અહિંસા જ છે.

કંટાળા અને વાવડી ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન અપાયું

અમરેલી, તા. ૨૨

ખાંભા તાલુકાના કંટાળા અને બાબરાના વાવડી ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટ અમરેલી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો તેમજ જંતુનાશક અસ્ત્રો વિશેની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. જેમાં પ્રોજેક્ટ ડાયરેક્ટમાં એમ. ઝેડ. ઝીડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેકટર ડી.એ. ચાવડા, તાલુકાના બીટીએમ રાજેશભાઈ કોયાણી, તાલુકા પ્રોજેક્ટ મેનેજર રાજેશભાઈ મકવાણા તથા ચિરાગભાઈ ઠુંમ્મર, આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર, ખેતી મદદનીશ ઉપરાંત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

G20 સમિટમાં વડાપ્રધાન મોદીનું સંબોધન

દુનિયા વિકાસના મોડલ પર ફરી વિચાર કરે, ડ્રગ્સ-આતંકવાદ વિરુદ્ધ એક થાઓ

જી૨૦ દેશ મળીને ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે : આ ટ્રેનર કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે

જોહનિસબર્ગ, તા. ૨૨

દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓનો મંચ G20 પહેલી વાર આફ્રિકી ધરતી પર પહોંચ્યો છે. જ્યાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઐતિહાસિક અવસર પર ત્રણ મોટા પ્રસ્તાવ આપ્યા છે, જે આવનારા સમયમાં વૈશ્વિક વિકાસનો ઢાંચો બદલી નાખશે. તેમનો વિચાર સ્પષ્ટ હતો કે દુનિયા ત્યારે જ આગળ વધશે, જ્યારે વિકાસ સંતુલિત, સમાવેશી અને ટકાઉ હશે. આ ભાવ તેમની દરેક પહેલમાં જોવા મળ્યો હતો. ૧૦ લાખ ટ્રેનર, ડ્રગ ટેરર નેટવર્ક પર આકરા પ્રહાર અને વૈશ્વિક પરંપરાગત જ્ઞાન ભંડાર, આ ત્રણ સૂચનો આ વાતનો સંકેત છે કે ભારત આજે ખાલી પોતાની જરૂરિયાતો જ નહીં પણ વિકાસશીલ દેશોના સહિયારા પડકારોનો પણ અવાજ ઉઠાવી રહ્યું છે. પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું કે, આફ્રિકાનો વિકાસ, દુનિયાના વિકાસની શરત છે.

આ પહેલનો ઉદ્દેશ્ય છે- આફ્રિકાના યુવાનોને મોટા પાયે ટ્રેનિંગ આપી તેમને ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર કરવાના. પીએમ મોદીએ જણાવ્યું કે ભારતની જી૨૦ અધ્યક્ષતા દરમિયાન આફ્રિકી યુનિયનને સ્થાયી સભ્ય બનાવ્યું અને હવે ભારત ઈચ્છે છે કે એ જ ભાવનાથી કૌશલ વિકાસને નવી દિશા મળે.

આ મોડલમાં જી૨૦ દેશ મળીને આવનારા ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે. આ ટ્રેનર આગળ કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે.

પીએમ મોદીએ જી૨૦ દેશો સામે એક અનોખી શરત રાખી- દુનિયાભરમાં પડેલા પ્રાચીન જ્ઞાનને એક મંચ પર લાવવું. તેમનો તર્ક હતો કે કેટલાય સમુદાય પાસે એવા જીવન મોડલ છે, જે પર્યાવરણને અનુકૂળ, સાંસ્કૃતિક રીતે મજબૂત અને સામાજિક રીતે સંતુલિત છે. આ જ્ઞાન આજની દુનિયાને સંતુલન અને સ્વાસ્થ્ય આપી શકે છે. ભારત માટે **"Indian Knowledge Systems"** કાર્યક્રમને આ ભંડારનો પાયો બનાવી શકાય છે. પીએમ મોદીએ ચેતવણી આપી કે જીવલેણ સિન્થેટિક ડ્રગ્સ ખાઈને **fentanyl** દુનિયા માટે ગંભીર ખતરો બની ચૂક્યો છે. તેનાથી ન ફક્ત સમાજનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે, પણ આ રસ્તેથી આતંક માટે પૈસા પણ ભેગા થઈ રહ્યા છે.

જી૨૦ સામે પ્રસ્તાવ રજૂ કર્યો

ડ્રગ્સની તસ્કરી રોકવી ગેરકાયદેસર ધનના પ્રવાહ પર અંકુશ લગાવવો

વૈશ્વિક સુરક્ષા એજન્સીઓની વચ્ચે સમન્વય વધારવો, આંતરરાષ્ટ્રીય નિયમોને કડક બનાવવા

પીએમ મોદીએ કહ્યું કે જૂના વિકાસ મોડલે કેટલાય દેશોને સંસાધનોથી દૂર કરી દીધા અને પ્રકૃતિના અતિ શોષણને વધારી દીધું. સૌથી વધારે અસર આફ્રિકી જેવા વિસ્તાર પર પડી. ભારતનો મેસેજ સ્પષ્ટ હતો- દુનિયાને એવી નીતિઓ જોઈએ જે સૌને સાથે લઈને ચાલે. જી૨૦ના ઉદ્ઘાટન સત્રમાં પીએમ મોદીએ કહ્યું કે વિકાસશીલ દેશોને ટેકનિક, ટ્રેનિંગ, સંસાધન અને સુરક્ષા ચારેય મોરચે દુનિયાના સહયોગની જરૂર છે. આ ત્રણ પ્રસ્તાવોમાં આ જ દૃષ્ટિકોણ છલકાય છે.

ચરખા ખાતે ૭૨ માં સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમીનાર યોજાયો

અમરેલી, તા.૨૨

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને ગુજરાત રાજય સહકારી સંઘ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અપ્રયક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લામાં તા. ૧૪/૧૧/૨૦૨૫ થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨ મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત અમરેલી જીલ્લા સહકારી સંઘ અમે ચમારડી જૂથ સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે ચરખા ખાતે તા. ૨૦/૧૧/૨૦૨૫ સહકાર સપ્તાહના સાતમાં દિવસે 'વૈશ્વિક હરીફાઈમાં નવીન સહકારી વ્યાવસાયિક મોડેલો સ્થાપવા પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, જીલ્લા સંઘના યુથ ડાયરેકટર અંબરીશભાઈ જોષી, ચમારડી જૂથ મંડળીના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરા, અમરેલી જીલ્લા સંઘના એકઝીકયુટીવ ઓફીસર ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી અગ્રણીઓ અને સભાસદ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો દ્વારા વિષયને અનુરૂપ ઉદબોધન કરવામાં આવ્યું હતું અને અધ્યક્ષ સ્થાનેથી અશ્વિનભાઈ સાવલિયા દ્વારા ' વૈશ્વિક હરીફાઈમાં નવીન સહકારી વ્યાવસાયિક મોડેલો સ્થાપવા બાબતે અને પ્રાકૃતિક ખેતી બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી.

જામનગર ખાતે સિપાઈ સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાશે

અમરેલી, તા. ૨૨

સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા સિપાઈ સમાજના વિદ્યાર્થીઓનો ગુજરાત સ્તરનો સાતમો સન્માન સમારોહ જામનગર ખાતે યોજાશે.

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે સિપાઈ સમાજના સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ માટેનો સન્માન સમારોહ અલગ અલગ જીલ્લા મથકના શહેરોમાં યોજાય છે. આ વર્ષે આ સન્માન સમારોહ તા. ૨૩.૧૧.૨૦૨૫ ના રોજ ટાઉનહોલ જામનગર ખાતે બપોરે ૧:૦૦ થી ૪:૩૦ વાગ્યા સુધીમાં યોજવામાં આવશે.

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત આ સન્માન સમારોહમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરેલ ધો.૮ થી સ્નાતક તથા અનુસ્નાતક સિપાઈ સમાજના વિદ્યાર્થીઓના સન્માનની સાથે સાથે છેલ્લા એક વર્ષમાં સરકારી નોકરી મેળવેલ સિપાઈ સમાજના યુવાઓ,પાસ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જીલ્લા સ્તરે કે રાજય કે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરેલા યુવાઓને પણ સન્માનિત કરવામાં આવશે.

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા સન્માનીત યુવાઓને મોમેન્ટો સહિત સર્ટિફિકેટ તથા સંસ્થાદ્વારા ખાસ ગિફ્ટ પણ આપવામાં આવશે.

બહારગામથી આવતા મહેમાનો માટે સંસ્થા દ્વારા બપોરે જમવાની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે સિપાઈ સમાજ ટ્રસ્ટ એ ગુજરાત સ્તરે સિપાઈ સમાજના યતિમ–ત્યકતા તથા જકાતલાયક વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનું તથા સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા યુવાઓને સ્કોલરશીપ આપવાનું કાર્ય પણ છેલ્લા દસ વર્ષથી કરી રહ્યું છે. સંસ્થા દ્વારા અલગ અલગ ગામમાં ફ્રી મેડીકલ કેમ્પ, જીવનસાથી પરિચય સમારોહનું આયોજન, વિધવા બહેનો, દિવ્યાંગ લોકો, નિરાધાર વૃધ્ધોને સહાય પણ આપવામા આવે છે. સિપાઈ સમાજ ટ્રસ્ટના પ્રમુખ ડો.અવેશભાઈ ચેહાણ દ્વારા આ સન્માન સમારોહમાં હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. તેમ સમીર ખોખર દ્વારા જણાવવામાં આવેલ છે.

પીપળાનું મહત્વ

અમરેલી, તા. ૨૨

પીપળો એકમાત્ર એવું વૃક્ષ છે જે દિવસ અને રાત બંને સમયે ઓક્સીજન પૂરૂ પાડે છે. પીપળના ૬–૭ તાજા પાંદડા લો અને તેને ૪૦૦ મિલી પાણીમાં નાંખો અને ૧૦૦ મિલી રહી જાય ત્યાં સુધી ઉકાળો, જયારે તે ઠંડુ થઈ જાય, ત્યારે વાસણ સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ન નાખવું જોઈએ, આ પાણીના સેવનથી તમારૂ હૃદય એક દિવસમાં સ્વસ્થ થવા લાગશે. પીપળાના પાનમાં ભોજન ખાવાથી લીવરનાં રોગ મટે છે. પીપળના સૂકા પાનનું ચૂર્ણ બનાવી તેમાં અડધી ચમચી ગોળ ભેળવીને સવાર–સાંજ ખાવાથી અસ્થમા મટે છે. પીપળના ૪–૫ તાજા પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવાથી કમળામાં ૧–૨ વારમાં આરામ મળે છે. પીપળની છાલને ગંગાજળમાં ઘસીને ઘા પર લગાવવાથી તરત આરામ મળે છે. પીપળની છાલ તેમાં સાકર ભેળવીને દિવસમાં ૫–૬ વખત ચૂસવાથી કોઈપણ નશો દૂર થાય છે. પીપળાના પાનનો ઉકાળો પીવાથી ફેફસાં, હૃદય, પેટ અને લીવરના તમામ રોગો મટે છે. પીપળાના પાનનો ઉકાળો બનાવીને પીવાથી કિડનીના રોગો મટે છે અને પથરી તૂટી જાય છે અને દૂર થાય છે. તમને ગમે તેટલી ઉદાસીનતા હોય, દરરોજ ૩૦ મિનિટ પીપળના ઝાડ નીચે બેસો, તેનાથી ડિપ્રેશનનો અંત આવે છે. પીપળાના ફળ અને તાજા કોપલ સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી સ્ત્રીઓના ગર્ભાશય અને માસિક ધર્મના તમામ રોગો મટે છે. પીપળાના ફળ અને તાજા કોપલે સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી બાળ કોની લિસ્પ મટે છે અને મગજ ખૂબ જ તેજ બને છે. જે બાળકોમાં હાયપર એક્ટિવિટી છે, જે બાળકો આખી રાત દોડે છે, ઓછી ઊંઘ લે છે, આ બાળકોને પીપળાના ઝાડ નીચે બેસાડો તો હાયપર એક્ટિવિટી ઓછી થાય છે. ઘૂંટણનો દુખાવો ગમે તેટલો જૂનો હોય, પીપળા નીચે બેસવાથી ૩૦–૪૫ દિવસમાં ખતમ થઈ જશે. શરીરમાં ગમે ત્યાંથી લોહી આવે છે, સ્ત્રીઓને માસિક સ્ત્રાવ સમયે અધિક રકતસ્ત્રાવ થતો હોય, બાબાસીરમાં લોહી આવે છે, દાંત કાઢ્યા પછી લોહી આવે છે, ઈજા થાય છે, ત્યારે પીપળાના ૮–૧૦ પાનને પીસીને ગાળીને પીવાથી તરત જ લોહી આવતું બંધ થાય છે. શરીરમાં ક્યાંય પણ સોજો, દુખાવો, ગરમી હોય તો પીપળાના પાન બાંધો તો ઠીક થઈ જશે.

– મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

અયોધ્યા રામ મંદિર ખાતે ૨૫ નવેમ્બરે યોજાશે ધ્વજારોહણ સમારોહ

અયોધ્યા, તા.૨૨

૨૫ નવેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં ધ્વજારોહણ સમારોહ યોજાશે. ધ્વજારોહણ સમારોહ પહેલા ગુજરાતમાં રામ મંદિર માટે એક ખાસ ધજા બનાવવામાં આવી છે. તે તાપ, વરસાદ અને ભારે પવન સહિત તમામ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા સક્ષમ છે. રામ મંદિરના ૧૯૧ ફૂટ ઊંચા શિખર પર ૪૨ ફૂટ ઊંચા ધ્વજારોહણ સ્તંભ પર ધજા ફરકાવવામાં આવશે, જે ૩૬૦ ડિગ્રી ફરતી ઘંટવંદન ટેકનોલોજી પર બનેલ છે, જેથી ધજા જોરદાર પવન દરમિયાન પણ લહેરાતી રહે. રામ મંદિરના શિખર પરની ધજા ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી છે, જે પેરાશૂટ ફેબ્રિક અને પ્રીમિયમ સિલ્ક સાટિનથી બનેલી છે. આ ધજા ગુજરાતના દસાડા સ્થિત ૮૦ વર્ષ જૂની કંપનીની ટીમ દ્વારા ડિઝાઇન કરવામાં આવી હતી. કારીગર રાકેશ મેટકરની આગેવાની હેઠળ સાતથી આઠ લોકોએ ધજાનું ભરતકામ, આંતરિક અસ્તર અને સિલાઈ પૂર્ણ કરી. કંપનીના માલિક કશ્યપ મેવાડાએ જણાવ્યું હતું કે કાપડના ત્રણ સ્તરો અને મજબૂત દોરાથી બનેલી ધજા ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો કરી શકે છે. રામ મંદિરના નિર્માણમાં ગુજરાતી કલા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મંદિરની ડિઝાઇન અમદાવાદના પ્રખ્યાત આર્કિટેક્ટ ચંદ્રકાંતા સોમપુરા દ્વારા કરવામાં આવી છે. સુરતના કારીગરોએ સુંદર ગણેશ પંડાલનું મોડેલ તૈયાર કર્યું હતું, અને સુરતના એક હીરાના વેપારીએ ભગવાન રામની મૂર્તિ માટે ૬ કિલો (આશરે ૧૧ કરોડ રૂપિયા) વજનનો મુગટ દાન કર્યો હતો. ધ્વજારોહણ સમારોહ દરમિયાન અચાનક તબિયત બગડે તો રામ ભક્તોને આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે આરોગ્ય વિભાગે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મુખ્ય તબીબી અધિકારી સુશીલ કુમાર બાનિયાને અંતિમ યાદી જાહેર કરી છે. કુલ ૧૮ સ્થળોએ આરોગ્ય શિબિરો ગોઠવવામાં આવશે. નવ ડોકટરો અને સ્ટાફ ત્રણ શિફ્ટમાં ફરજ પર રહેશે, જેમાં ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓની અછતને પહોંચી વળવા માટે વિભાગના અન્ય ચાર જિલ્લાઓમાંથી ૫૫ ડોકટરો, ફાર્માસિસ્ટ અને વોર્ડ બોય તૈનાત રહેશે. આ મોટી સંખ્યામાં અડધી વસ્તીનો પણ સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ કરશે. દેશ અને વિદેશમાંથી હજારો રામ ભક્તો ધ્વજારોહણ સમારોહના સાક્ષી બનશે. અચાનક તબિયત બગડવાની સ્થિતિમાં ઝર્ઁ એ ૧૮ કાર્યક્રમ સ્થળોએ નિયંત્રણ રૂમ અને કામચલાઉ પ્રાથમિક સારવાર કેન્દ્રો સ્થાપિત કર્યા છે.

લાઠીના છભાડી[redacted]ે સરદાર સ્મૃતિવનની સ્[redacted]રાઈ

લાઠી, તા.૨૨

લાઠી તાલુકાના છભાડીયામાં યુનિટી માર્ચ–૨૦૨૫ ના વિશાળ કાર્યક્રમ અંતર્ગત છભાડીયા ગામે પર્યાવરણ સુરક્ષા અને સામાજિક એકતા તરફ એક અનોખું અને ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું. ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ગામમાં ''સરદાર સ્મૃતિ વન'' ની ભવ્ય સ્થાપના કરવામાં આવી. આ અવસરે કુલ ૫૬૨ વૃક્ષોનું વિશાળ સ્તરે વાવેતર કરવામાં આવશે. જેમાં ગામનાં [redacted]ને મોટી [redacted]હરિયાળ [redacted]સંતુલન [redacted]માટે એક [redacted]ા પ્રસંગે [redacted]નક તળ [redacted]માર્ચ'' નું [redacted]ી, પરંતુ [redacted]બાદારી [redacted]ા ગામનું [redacted]ઢીઓને

જગતાત ગણાતા ખેડૂતો કમોસમી વરસાદથી આર્થિક મુશ્કેલીમાં

અમરેલી જિલ્લામાં કપાસ અને મગફળીનાં અપુરતા ભાવો

જુદા-જુદા માર્કેટયાર્ડમાં કપાસનો પ્રતિ ૨૦ કિલોનો ભાવ માત્ર રૂપિયા ૮૦૦ થી ૯૦૦ જેટલો મળી રહ્યો છે

મગફળીનો પોષણક્ષમ ૧૪૫૨નાં ભાવ સામે ખુલ્લા બજારમાં માત્ર ૮૦૦થી ૧ હજાર ભાવ મળે છે

કમોસમી વરસાદે ખેડૂતોનું કાળી મહેનત ઉપર પાણીટોળ ફરી દેતા ખેડૂતો ચિંતિત

જ્યારે ખેત જણસો માર્કેટમાં આવે એટલે ભાવ ગબડવા માંડે એ સમસ્યા દૂર થતી નથી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં કપાસ, મગફળીનું વાવેતર કરતાં ખેડૂતો દર વર્ષે કોઈને કોઈ મુશ્કેલીમાં આવી રહ્યા છે. કમોસમી વરસાદ, પોષણક્ષમ ભાવનો અભાવ સહિતની સમસ્યાથી ઘેરાઈને ખેડૂતો હવે ખેતી કરવી કે નહી તેનો વિચાર કરતાં થયા છે. દરમિયાનમાં તાજેતરમાં થયેલ કમોસમી વરસાદથી મગફળી અને કપાસનાં પાકને નુકસાન થતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી.

કપાસ

અમરેલી જિલ્લામાં ખેડૂતો માટે આ વર્ષની કપાસ સિઝન અત્યંત નિરાશાજનક સાબિત થઈ રહી છે. કમોસમી વરસાદ અને અનિયમિત હવામાનના કારણે કપાસના પાકને ભારે નુકસાન થયું છે, જેના કારણે ખેડૂતોના હાથમાં આવેલા ઉત્પાદનના ભાવ પર સીધી અસર પડી છે. હાલમાં અમરેલીના વિવિધ માર્કેટિંગ યાર્ડોમાં કપાસનો ભાવ માત્ર ૮૦૦ થી ૯૦૦ પ્રતિ ૨૦ કિલો નોંધાઈ રહ્યો છે, જે ખેડૂતો માટે ગંભીર ચિંતા સર્જે તેટલો ઓછો છે.

ખેડૂત કિરણભાઈ કાનજીભાઈ કોઠીયાએ જણાવ્યું કે ૧૦ વીઘામાં કપાસનું વાવેતર કર્યું છે અને હાલ માર્કેટિંગ યાર્ડ ખાંભા ખાતે કપાસ લઈને વેચાણ માટે આવ્યા હતા પરંતુ હાલ ૮૭૧ રૂપિયા ૨૦ કિલોનો ભાવ મળ્યો છે જેની સામે ૨૦ કિલો ઉત્પાદન મેળવવા ૪૫૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જેથી ખેડૂત

અનુસંધાન પાના ૬ ઉપર

ઘણા સમયથી ચાલતી સમસ્યા દુર

હાશકારો : જાફરાબાદનાં વોર્ડ નં.–૭માં પીવાના પાણીની પાઈપ લાઈન લગાવાઈ

૩૦ મકાનોમાં નવા કનેકશન અપાયા

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદ માં વોર્ડ નંબર–૭ માં પીવાનું પાણીની સમસ્યાનું નિરાકરણ આવ્યું વર્ષો જુનો પ્રશ્નનો નિરાકરણ માટે ચુંટાયેલા સભ્યોની કામગીરી થી વોર્ડ નંબરના રહીશો દ્વારા ખુશખુશાલ થઈ ગયા પાણી એ લોકોનું જીવન જરૂરી હોય તેનો નિકાલ

અનુસંધાન પાના ૬ ઉપર

ખેડૂતોને તુરતજ નાણા આપવામાં આવશે

અરેવાહ : અમરેલીનાં માર્કેટયાર્ડમાં આગામી ૧લી ડિસેમ્બરથી મરચાની હરરાજી થશે

૩૦ નવેમ્બરને રવિવારથી મરચાને પ્રવેશ અપાશે

અમરેલી, તા. ૨૨

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીના મુખ્યયાર્ડમાં લાલ સુકા મરચાની હરરાજીનો તા. ૧/૧૨/૨૦૨૫ ને સોમવારથી પ્રારંભ કરવામાં આવશે. જેથી લાલ સુકા મરચાની આવકને તા. ૩૦/૧૧/૨૦૨૫ ને રવીવારથી પ્રવેશ આપવામાં આવશે. જેની તમામ ખેડૂતભાઈઓ, વાહનધારકો, કમીશન એજન્ટ તથા વેપારિભાઈઓને નોંધ લેવા તેમજ વધુમાં બજાર સમિતિ, અમરેલીમાં ખેડૂતોને મરચાની ભારી કંતાન/સાદરી સહિતના વજનમાં વેંચાણ થાય છે અને કોઈપણ પ્રકારનું કંતાન/સાદરીનું વજન કપાત કરવામાં આવતું ન હોવાથી ખેડૂતોને પ્રતિમણ ૫૦થી ૧૦૦ રૂપિયાનો ફાયદો થાય છે તથા રોજેરોજ મરચાનો નિકાલ થતો હોવાથી ખેડૂત તેમની રૂબરૂમાંજ એકજ દિવસમાં જાહેર હરરાજીમાં વેંચાણ કરી રોકડા નાણાં મેળવે છે તેમજ અન્ય રાજયમાંથી વેપારીઓ ખરીદી માટે આવતા હોય, જેનાથી ખેડૂતોને સારા ભાવો પણ મળતા રહેશે. જે માર્કેટયાર્ડના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)